GJBH050012442023

| | | | |
|---|---|---|---|
| રજુ થયા તારીખ | ૦૯ | ૦૫ | ૨૦૨૩ |
| દાખલ થયા તારીખ | ૦૯ | ૦૫ | ૨૦૨૩ |
| ફેસલ કર્યા તારીખ | ૧૩ | ૦૮ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિન |
| | ૦૩ | ૦૩ | ૦૪ |

**<u>વાગરાના મહે. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુકામ–વાગરા</u>**

**<u>Form A</u>**

| | |
|---|---|
| **(ચુકાદાની તારીખ : ૧૩/૦૮/૨૦૨૬ )**<br>**ફોજદારી કેસ નં. ૧૧૧૫/૨૦૨૩**<br>**આંક :–૬૬** | |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ઇ.પી.કો. કલમ–૩૦૪(અ), ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૧૧૪ તથા The Child and Adolescent labour (probition and regulation) Act 1986 ની કલમ–૧૪(૧–એ) તથા કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૯૨ મુજબ |
| ગુના રજિ. નં. | ૧૧૧૯૯૦૧૬૨૨૦૩૭૧/૨૦૨૨ |
| પો. સ્ટે. | દહેજ પો.સ્ટે., તા. વાગરા, જિ. ભરૂચ. |
| ફરીયાદી | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી જે.જી.વસાવા |
| આરોપી | **૧. સચીનકુમાર નવીનચંદ્ર પટેલ,**<br>રહે. જી/૫૦૪, આરોહી ઇલીઝીયમ, સાઉથ બોપલ, અમદાવાદ.<br>**૨. ચંદ્રકાન્ત બાબુભાઇ પટેલ,**<br>રહે. ૬, રાતરાણી બંગ્લોજ, સેટેલાઇટ, અમદાવાદ.<br>**૩. કમલેશભાઇ ચતુરભાઇ પટેલ,**<br>રહે. મકાન નં. ૩૦૦૨/૭, મધુરમ બંગલોઝ, જલધારા રોડ, |

| | |
|---|---|
| | જી.આઇ.ડી.સી. અંકલેશ્વર, જિ. ભરૂચ.<br>**૪. અંકિત રાજેશ પટેલ,**<br>રહે. ૭૮, ગ્લોરી સુપરસીટી, હરેક્રિષ્ના મંદિર નજીક, સાંતેજ, ગાંધીનગર.<br>**૫. જગતસિંહ મદનસિંહ કાર્કી,**<br>હાલ રહે. રૂષીરૂપ કોમ્પલેક્ષ, વાડીયા, દહેજ, તા. વાગરા, જિ. ભરૂચ.<br>મુળ રહે. લોહાથલ ગામ, થાના બેરીનાગ, જિ. પિથૌડાગઢ (ઉતરાખંડ)<br>**૬. મયુરસિંહ રાયસિંહ રાજ,**<br>રહે. કેસરોલ, વાટા ફળીયુ, તા. જિ. ભરૂચ. |
| રજુઆત | આરોપીઓ તરફે વિ.વ.શ્રી.................. કે.એન.ચાવડા |

## Form B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૬/૦૬/૨૦૨૧ |
| ફરીયાદની તારીખ | ૦૮/૦૫/૨૦૨૨ |
| ચાર્જશીટ દાખલ કર્યા તારીખ | ૦૯/૧૨/૨૦૨૩ |
| તહોમત ફરમાવ્યા તારીખ | – |
| પુરાવો શરુ કર્યા તારીખ | ૧૯/૦૭/૨૦૨૩ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ |
| સજાનો હુકમ કર્યાની તારીખ જો હોય તો | – |

## –:: આરોપીની વિગતો ::–

| નં. | આરોપીનુ નામ | ધરપકડ ની તારીખ | જામીનઉપર મુકત કરવામાં આવેલ હોય તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | બી.એન. એસ.એસ. કલમ–૩૯ હેઠળ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
| ૧. | **સચીનકુમાર નવીનચંદ્ર પટેલ,** | ૧૬/૦૫/૨૦૨૨ | ૧૬/૦૫/૨૦૨૨ | ઇ.પી.કો. કલમ-૩૦૪(અ), ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૧૧૪ તથા The Child and Adolescent labour (probition and regulation) Act 1986 ની કલમ-૧૪(૧-એ) તથા કારખાના ધારા ૧૯૪૮ ની કલમ-૯૨ મુજબ | વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકયા | - | - |
| ૨. | **ચંદ્રકાન્ત બાબુભાઇ પટેલ,** | ૧૬/૦૫/૨૦૨૨ | ૧૬/૦૫/૨૦૨૨ | | | - | - |
| ૩. | **કમલેશભાઇ ચતુરભાઇ પટેલ,** | ૧૬/૦૫/૨૦૨૨ | ૧૬/૦૫/૨૦૨૨ | | | - | - |
| ૪. | **અંકિત રાજેશ પટેલ,** | ૧૬/૦૫/૨૦૨૨ | ૧૬/૦૫/૨૦૨૨ | | | - | - |
| ૫. | **જગતસિંહ મદનસિંહ કાર્કી,** | ૧૬/૦૫/૨૦૨૨ | ૧૬/૦૫/૨૦૨૨ | | | - | - |
| ૬. | **મયુરસિંહ રાયસિંહ રાજ,** | ૧૬/૦૫/૨૦૨૨ | ૧૬/૦૫/૨૦૨૨ | | | - | - |

## Form C

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાહેદોનુ લીસ્ટ

### (૪) ફરીયાદપક્ષનો પુરાવો :-

ફરીયાદપક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

### :: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | પંચ ફેનીલ રમેશભાઇ પટેલની જુબાની |
| ૨. | ૧૦ | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ |
| ૩. | ૧૧ | સાહેદ અક્ષય લલીતભાઇ રામાણીની જુબાની |
| ૪. | ૧૨ | સાહેદ સંકેતભાઇ મનસુખભાઇ ફળદુની જુબાની |

| | | |
|---|---|---|
| ૫. | ૧૩ | અકસ્માત જાહેરાત અસલ |
| ૬. | ૧૪ | પંચ મનોજભાઇ જીવરાજભાઇ આખજાની જુબાની |
| ૭. | ૧૫ | ઇન્વેસ્ટ પંચનામુ |
| ૮. | ૨૫ | સાહેદ દર્શન મથુરભાઇ રામાણીની જુબાની |
| ૯. | ૨૬ | સાહેદ પંકજ કલસીંગ ડામોરની જુબાની |
| ૧૦. | ૨૮ | સાહેદ જવીરલાલ પાટની બેલ પારધીની જુબાની |
| ૧૧. | ૨૯ | સાહેદ ધનપાલ શિકારજી પારધીની જુબાની |
| ૧૨. | ૩૦ | સાહેદ મનીષકુમાર પાટની બેલ પારધી |
| ૧૩. | ૩૧ | સાહેદ કલકિશનાબેન મનીષકુમાર પાટની બેલ પારધી |
| ૧૪. | ૩૯ | સાહેદ  યોગેશકુમાર મનુભાઇ પટેલની જુબાની |
| ૧૫. | ૪૦ | રીમાઇન્ડર યાદીઓ |
| ૧૬. | ૪૬ | સાહેદ એ.એસ.આઇ. બાલુભાઇ નારણભાઇ આહીરની જુબાની |
| ૧૭. | ૪૭ | તપાસ હુકમ |
| ૧૮. | ૫૨ | એ.એસ.આઇ. ધર્મેન્દ્રસિંહ નાગજીબાવા સિંધાની જુબાની |
| ૧૯. | ૫૩ | પી.આઇ. વિજયભાઇ રામભાઇ પ્રજાપતિની જુબાની |
| ૨૦. | ૫૪ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૨૧. | ૫૫ | પી.એમ.નોટ |
| ૨૨. | ૫૬ | અસલ ફરીયાદ |
| ૨૩. | ૫૭ | ગુના દાખલ રીપોર્ટ |
| ૨૪. | ૬૪ | રાજેન્દ્રસિંહ જોરાવરસિંહ ગોહિલની જુબાની |
| ૨૫. | ૬૫ | વિક્રમસિંહ ભારતસિંહ કોઠીયાની જુબાની |

## :: જજમેન્ટ ::

### (૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત :–

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ આ કામની મરણજનાર હરજાનાબેન મનીષભાઇ ઉર્ફે માંશકુવર પારધી તથા ઇજા પામનાર બદીબેન અજયભાઇ મેડા, રાજ આહીરસિંહ પારધીનાઓએ ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો હોવાનુ

જાણતા હોવા છતાં તેઓની જીંદગી જોખમમાં મુકી જોખમી વ્યવસાયની ઉત્પાદન પ્રક્રિયામાં કામે લગાડી તથા આરોપી નં. ૧ થી ૪ નાઓએ કારખાના ધારા મુજબનુ લાયસન્સ મેળવ્યા વગર જોખમી જંતુનાશક દવાઓનુ ઉત્પાદન કરવાની પ્રક્રિયા ચાલુ કરતા તથા આરોપી નં. ૫ અને ૬ નાઓએ મરણજનાર તથા ઈજા પામનાર નાની ઉમરના હોવા છતાં પોતાના કોન્ટ્રાકટ માં રાખી આરોપી નં. ૧ થી ૪ નાઓ કંપનીમાં નોકરીએ રાખી બાયોક્રોપકેર કંપનીના પ્રોડકશન પ્લાન્ટની અંદર સ્ટ્રેકર મશીનનું બેલેન્સ હલી જતા આડુ પડી જવાથી મરણજનાર હરજાનાબેન મનિષકુમાર ઉ.વ.૧૬ નાનીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન બેદરકારી પૂર્વક મોત નીપજાવી તથા ઈજા પામનાર સાહેદો બદીબેન અજયભાઈ મેડા ઉ.વ. ૧૭ તથા રાજ આહીરસિંહ પારઘી, ઉ.વ. ૧૭ નાઓને ગંભીર ઈજાઓ પહોંચાડી બેદરકારી કરી એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ઇ.પી.કો. કલમ–૩૦૪(અ), ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૧૧૪ તથા The Child and Adolescent labour (probition and regulation) Act 1986 ની કલમ–૧૪(૧–એ) તથા કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૯૨ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

**(૨) પોલીસ કાર્યવાહી :–**

આમ, ઉપરોકત હકીકત મુજબની ફરીયાદ ફરીયાદીએ દહેજ પોલીસ સ્ટેશનમાં દાખલ કરતાં દહેજ પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૬૨૨૦૩૭૧/૨૦૨૨ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુધ્ધની દહેજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા ઇ.પી.કો. કલમ–૩૦૪(અ), ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૧૧૪ તથા The Child and Adolescent labour

(probition and regulation) Act 1986 ની કલમ–૧૪(૧–એ) તથા કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૯૨ મુજબના ગુનાની ચાર્જશીટ નામ. કોર્ટમાં દાખલ કરેલ છે.

**(૩) કોર્ટ કાર્યવાહી :–**

આ કામે ત.ક.અધિકારીશ્રી દવારા આરોપીઓ સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીઓને પ્રોસેસ ઇશ્યુ કરતા આરોપીઓ તેમના વિધ્વાન વકિલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ સદર ગુનો વોરંટ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીઓનું સ્ટેટમેન્ટ **આંક–૦૩ થી ૦૮** મુજબ લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીઓનું સી.આર.પી.સી. ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાનાં બચાવમાં કોઈ સાહેદને પણ તપાસેલ નથી. આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે, "અમો આરોપી નિર્દોષ છીએ અને કહેવાતો કોઇ ગુનો અમોએ કરેલ નથી.''

**(૫) દલીલો:–**

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી

જે.જી.વસાવા તથા આરોપી તરફે વિ. વ. શ્રી કે.એન.ચાવડાની દલીલો સાંભળી.

(૬) કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદા નં. ૧ :–** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ આ કામની મરણજનાર હરજાનાબેન મનીષભાઇ ઉર્ફે માંશકુવર પારધી તથા ઈજા પામનાર બદીબેન અજયભાઇ મેડા, રાજ આહીરસિંહ પારધીનાઓએ ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો હોવાનુ જાણતા હોવા છતાં તેઓની જીંદગી જોખમમાં મુકી જોખમી વ્યવસાયની ઉત્પાદન પ્રક્રિયામાં કામે લગાડી તથા આરોપી નં. ૧ થી ૪ નાઓએ કારખાના ધારા મુજબનુ લાયસન્સ મેળવ્યા વગર જોખમી જંતુનાશક દવાઓનુ ઉત્પાદન કરવાની પ્રક્રિયા ચાલુ કરતા તથા આરોપી નં. ૫ અને ૬ નાઓએ મરણજનાર તથા ઈજા પામનાર નાની ઉમરના હોવા છતાં પોતાના કોન્ટ્રાકટ માં રાખી આરોપી નં. ૧ થી ૪ નાઓ કંપનીમાં નોકરીએ રાખી બાયોક્રોપકેર કંપનીના પ્રોડકશન પ્લાન્ટની અંદર સ્ટ્રેકર મશીનનું બેલેન્સ હલી જતા આડુ પડી જવાથી મરણજનાર હરજાનાબેન મનિષકુમાર ઉ.વ.૧૬ નાનીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન બેદરકારી પૂર્વક મોત નીપજાવી તથા ઈજા પામનાર સાહેદો બદીબેન અજયભાઇ મેડા ઉ.વ. ૧૭ તથા રાજ આહીરસિંહ પારઘી, ઉ.વ. ૧૭ નાઓને ગંભીર ઈજાઓ પહોંચાડી બેદરકારી કરી એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ઈ.પી.કો. કલમ– ૩૦૪(અ), ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૧૧૪ તથા The Child and Adolescent labour (probition and

regulation) Act 1986 ની કલમ–૧૪(૧–એ) તથા કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૯૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં. ૨ :–** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧ :–** નકારમાં

**મુદ્દા નં. ૨ :–** આખરી હુકમ મુજબ

**:: કારણો ::**

**મુદ્દા નં. ૧ :–**

(૮) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ **આંક–૦૯** થી પંચ ફેનીલ રમેશભાઇ પટેલને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, આજથી છ–આઠ મહિના પહેલા હુ અમારી બાયો ક્રોપ કેર કંપની દહેજ મા ટ્રાન્સપોર્ટેશન વિભાગમા નોકરી કરતો હતો તે વખતે ત્યા પોલીસે મારી એક પંચનામામા સહિ કરાવેલી. આ સહિ ગુનો બન્યા બાદ કરાવેલી. ત્યા કંપનીની બહાર એક અકસ્માત થયેલો. આ અકસ્માત શુ બનેલો તેની મને ખબર નથી. હુ સંકેતભાઇ મનસુખભાઇ ફળદુને ઓળખુ છું. તેઓ બાયો ક્રેપ કંપનીમા મારી સાથે નોકરી કરતા હતા અને તેઓ ડિસ્પેચ એન્ડ પ્લાન્ટ વિભાગમા નોકરી કરતા હતા. આ પ્લાન્ટ વિભાગમા કોઇ અકસ્માત થયેલ હોય તે બાબતે મને ખબર નથી. આ જગ્યાએ પોલીસે મારી હાજરીમા લખાણ કરેલ હોય તેવુ બનેલ નહિ. આ પંચનામામા સહિ કરી ત્યારે મારા સિવાય કોઇ હાજર ન હતુ. મને તા. ૨૭/૦૬/૨૦૨૧ ના રોજનુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે. જેમા પંચ નં–૧ તરીકે મારી સહિ છે જે હુ ઓળખુ છુ. જે પંચનામુ **આંક–૧૦** થી રજુ કરેલ છે. અમારી આ બાયો ક્રોપ કંપનીમા સ્ટેકર મશીન ઉપર મુકેલ રો–મટીરીયલ પેકીંગનુ કામ ચાલતુ હતુ તે દરમિયાન સ્ટેકર મશીન આડુ પડી જતા ત્યા કામ કરતા મજુરોને ઇજાઓ થયેલ હોય અને તે

જગ્યાનુ પંચનામુ પોલીસે મારી હાજરીમા કરેલ હોય તેવુ બનેલ નહિ. આ સિવાય હુ કાંઇ જાણતો નથી.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, અકસ્માતનો કોઈ બનાવ બનેલાનુ મે નજરે જોયેલ નથી. પોલીસે પંચનામામાં શું લખેલુ તે મે વાંચેલ નહી કે મને વાંચી સંભળાવેલ નહી. કહેવાતા અકસ્માતના દિવસે હુ કંપનીમાં હાજર ન હતો.

(૮.૧) ફરીયાદપક્ષે **આંક–૧૧** થી સાહેદ અક્ષય લલીતભાઇ રામાણીને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, હુ દહેજ ખાતે બાયસ્કોપ કેર પ્રા.લી. કંપનીમા છેલ્લા ત્રણ વર્ષથી નોકરી કરૂ છુ અને આ કંપનીમા હુ લીકવીડ પ્લાન્ટ ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવુ છુ. આજથી આશરે દોઢેક વર્ષ પહેલા અમારી કંપનીમા રોડ ઉપર અકસ્માત થયેલો. આ અકસ્માત અમારી કંપનીમા લેબર તરીકે કામ કરતી એક છોકરીને થયેલો. આ સિવાય બીજો કોઈ અકસ્માત કંપનીમા થયેલો નહિ. મને અકસ્માતની જાણ અમારી કંપનીમા સુપરવાઈઝર તરીકે કામ કરતા ભાવિને ફોન કરીને કરેલી. જેથી હુ ગેટ ઉપર ગયેલો અને એમ્બ્યુલન્સને ફોન કરીને બોલાવેલ અને જેને અકસ્માત થયેલો તેને ભરૂચ સરકારી દવાખાને લાવેલા અને ત્યારબાદ તે છોકરીનુ અવસાન થયેલુ. આ આ છોકરીને માથાના ભાગે વાગેલુ હતુ. આ સિવાય કોઇને ઈજા થયેલ નહિ. ત્યારબાદ અમારી કંપનીમા દહેજ પોલીસ આવેલી અને પોલીસે કંપનીમા આંટો મારેલો અને બધાની પુછપરછ કરેલી મારી પૂછપરછ કરેલી નહી કે મારો કોઈ જવાબ લીધેલો નહિ. સદરહુ સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોય વિદ્વાન સરકારી વકીલશ્રી ની મૌખીક વિનંતી થી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલ. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટ તપાસમાં પણ તા. ૦૮/૦૬/૨૦૨૧ ના રોજ દહેજ પોલીસે તેમનો જવાબ લીધેલ સીવાયની તમામ મહત્વની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, કંપનીની બહાર રોડ ઉપર અકસ્માત થયેલો એવો મને ફોન આવેલો. મે કોઇ બનાવ નજરે જોયેલ નથી.

**(૮.૨)** ફરીયાદપક્ષે **આંક–૧૨** થી સાહેદ સંકેતભાઇ મનસુખભાઇ ફળદુને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, હુ સને ૨૦૨૧ માં બાયોસ્કોપ કેર પ્રા.લી. કંપની દહેજ માં પ્લાન્ટ સુપરવાઇઝર તરીકે નોકરી કરતો હતો અને અમારી કંપનીમાં જંતુનાશક દવાનુ ઉત્પાદન કરવામાં આવતુ હતુ અને ત્રણ શીફ્ટ માં કંપનીમાં કામ ચાલતુ હતુ. મારી નોકરીનો સમય સવારે ૮ વાગ્યાથી સાજના ૪ વાગ્યા સુધીનો હતો. આજથી આશરે બે વર્ષ પહેલા અમારી આ બાયોસ્કોપમાં ગેટની બહાર એક અકસ્માત થયો હતો. જે અકસ્માત એક વ્હીકલથી થયો હતો. તે અકસ્માત કોને થયો તો તેની મને ખબર નથી. અકસ્માત થયો તે વખતે હુ અમારી કંપની ના પ્રોડકશન પ્લાન્ટ માં ચાર–પાચ મશીનો આવેલા હતા. અમારા કંપનીના પ્લાન્ટ માં અકસ્માત થયો હોય તેવુ બનેલ નહિ. મારી સાથે આ કંપનીમાં ભાવીનભાઇ, અક્ષયભાઇ પણ પ્લાન્ટ સુપરવાઇઝર તરીકે નોકરી કરતા હતા. પેકીગ વિભાગ પણ અમારી કંપનીમાં લાબીમાં આવેલ છે. પેકીગ વિભાગમાં કેટલા માણસો કામ કરતા હતા તેની મને ખબર નથી. આ કંપનીના ગેટની બહાર જે અકસ્માત થયેલો તેમાં એક મહિલા અને એક છોકરાને ઇજા થયેલી. જેમાં મહિલાને કયાં ઇજા થયેલી તેની ખબર નથી પણ છોકરા ને માથા ના ભાગે ઇજા થયેલી. હુ તે વખતે તે અકસ્માત થયેલ તે જગ્યાએ ગયેલો અને ત્યા રોડ પર અકસ્માત થયેલો તે લોકો હતા. અને મારી સાથે સીકયુરીટી, વાળા હતા તેમનુ નામ ખબર નથી. આ ઇજા પામનાર લોકો કયા કામ કરતા હતા તેની મને ખબર નથી. આ રોડ વરની ગેસ કંપની પાસેથી નીકડી આગળ કયા જાય છે તે મને ખબર નથી. આ સિવાય મને કઇ ખબર નથી. આ અકસ્માત થવા બાબતે મે પોલીસને ફોનથી જાણ કરેલી. ત્યારબાદ દહેજ પોલીસ આવેલી અને પોલીસે આવીને મને આ બનાવ બાબતે પુછેલુ અને જે બનાવ બનેલુ તે મે કહેલુ પોલીસને જે કઇ બનાવ બન્યો તે મોખીક જણાવી

દીધેલ ત્યારબાદ પોલીસે આ અકસ્માત થનારને વળતર મળે તે માટે મારી સહી કરાવેલી. બનાવ બન્યા બાદ પોલીસ આવી તે દરમ્યાન હુ કંપનીમા અંદર પ્લાન્ટમાં જતો રહેલો. મે પોલીસને કંપની બહાર વ્હીકલ સાથે જે અકસ્માત થયેલો તેની વિગત જણાવેલી, ત્યારબાદ પોલીસે પોલીસ સ્ટેશન બોલાવીને સહી કરાવેલી જે મે વાંચ્યા વિના સહી કરેલી. મને તારીખ–૨૬/૦૬/૨૦૨૧ ના રોજન અકસ્માતની જાહેરાત બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખુ છે. જે **આંક–૧૩** થી રજુ કરેલ છે. અમારી આ બાયોક્રોપ કેરના માલિક સચીનભાઇ છે. જેઓ આજ રોજ રેડ કલરનો શર્ટ પહેરેલ છે અને કોર્ટમાં હાજર છે. બાકીના કોણ છે તેમને હુ ઓળખતો નથી. આ સિવાય હુ કઇ જાણતો નથી. સદરહુ સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોય વિદ્વાન સરકારી વકીલશ્રી ની મૌખીક વિનંતી થી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલ. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટ તપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, તા. ૨૬/૦૬/૨૦૨૧ ના રોજ જાહેરાતનો લખાવેલ મારુ નામ સરનામુ તથા હુ કંપનીમાં નોકરી કરતો હતો તે વિગતો લખાવેલ. હુ કંપનીમા કામ કરતો હતો તે સમયે કંપનીના સુપરવાઇઝર ભાવીનભાઇ વિનોદભાઇ ભરડા હતા. એ વાતની તેઓને ખબર નથી કે, બનાવ સમયે ૧૦૮ એમ્બ્યુલન્સને આ કંપનીમાં સુપરવાઇઝર ભાવીનભાઇ ભરડાનાઓએ બોલાવેલ કે કેમ ? મે કેમીકલ વિભાગમાં એન્જીનીયરીંગ સુધીનો અભ્યાસ કરેલો. મને સારા નરસાની ખબર છે. સામાન્ય રીતે કંપનીમા કોઇ બનાવ બને તો કંપનીના માલ્કિ કહે તેમ કરવુ પડે. તે સીવાયની તમામ મહત્વની હકિકતોનો ઇન્કાર કરેલ છે.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, મે કોઇ પણ અકસ્માત નજરે જોયેલો નહિ. તા. ૨૬/૦૬/૨૦૨૧ નો બનાવ કહેવાતો બનાવ મે નજરે જોયેલો નહી અને તેની મને જાતમાહિતી નથી. પોલીસે મારી જે કાગળ માં સહી લીધેલી તે વંચાવેલ નહી કે વાંચી સંભળાવેલા નહિ. પોલીસે કંપની બહાર રોડ પર જે વાહન અકસ્માત થયેલ તેના વળતરના કાગળો છે તેમ કહી સહી લીધેલ. સચીનભાઇ કંપનીના માલીક નથી પરંતુ લોકો કહેતા હતા જેથી હુ કહુ છુ તેઓ કંપનીના માલીક છે.

બાયોક્રોપ કંપનીના માલીક અને સંચાલક રોહિતભાઇ રમેશભાઇ પટેલ છે કે કેમ તેની મને ખબર નથી.

(૮.૩) ફરીયાદપક્ષે **આંક–૧૪** થી પંચ મનોજભાઇ જીવરાજભાઇ આખજાને તપાસેલ છે, તેઓને આંક–૧૦ થી રજુ પંચનામુ બતાવવામાં આવતા તેમાં પંચ નં. ૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. જે સહી તેઓએ બે વર્ષ પહેલા દહેજ પોલીસ સ્ટેશનમાં કરેલી. સદર સહી કંપની બહાર રોડ ઉપર અકસ્માત થયેલો તે બાબતની છે. તેઓને પોલીસે કોરા કાગળ પર કરવાનુ કહેલુ અને તેઓએ સહી કરેલી. પોલીસની બીકે તેઓએ સહી કરેલી તેના સ્વિાય તેઓ કશું જાણતા નથી. તેઓને મરણજનાર હરજાનાબેનની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે પંચનામુ **આંક–૧૫** થી રજુ કરવામાં આવેલ છે. સદર સહી તેઓએ પોલીસ સ્ટેશનમાં બે વર્ષ પહેલા કરેલી. જે કોરા ફોર્મમાં સહી કરાવેલી. તેઓને કોઇ મરણજનારની લાશ પોલીસ દવારા બતાવવામા આવેલ નહી અને તેઓએ તે જોયેલ નહી. સદરહુ સાહેદ પંચનામાની હકિકતોને સમર્થન કરતા ન હોય વિદ્વાન સરકારી વકીલશ્રી ની મૌખીક વિનંતી થી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલ. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટ તપાસમાં પણ તેઓ પંચનામાની મહત્વની હકિકતોનો ઈન્કાર કરે છે.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, આંક–૧૦ અને આંક–૧૫ વાળા પંચનામા કઇ બાબતના હતા તેની મને કોઇ માહિતી નથી. કંપનીના કામના કલાકો દરમ્યાન મેનેજમેન્ટમાથી કોઇ કામસર બોલાવવામાં આવે તો ગેટ સુધી જઇ શકાય. કંપનીના ગેટ પર સીકયુરીટીના માણસો કોઇ કામસર બોલાવે તો અમારે જવાનુ થાય. અમારો લીકવીડ પ્લાન્ટ અને પેકેજીગ પ્લાન્ટ જુદા જુદા ફલોર પર છે જેથી અમારે તેની સાથે કોઇ સંબધ નથી. મે આ કંપનીમાં અઢી માસ જેટલો કામ કરેલો છે. મારે કયારેય પેકેજીગ પ્લાન્ટમાં જવાનુ થયેલ નહિ. મારે અઢી મહિનાના સમયગાળા

દરમ્યાન સચીનભાઇ નામની વ્યકતી સાથે મળવાનુ થયેલ નહિ. કંપનીના માલીક કોણ છે તેની મને જાતમાહિતી નથી.

(૮.૪) ફરીયાદપક્ષે **આંક-૨૫** થી સાહેદ દર્શન મથુરભાઇ રામાણીને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૨૧ મા હુ બાયો ક્રોપ કેમ કંપની દહેજ ખાતે સુપરવાઈઝર તરીકે નોકરી કરતો હતો અને પાઉડર પ્લાન્ટમા મારી નોકરી હતી. મારી સાથે સંકેતભાઇ કામ કરતા હતા. મારી કંપનીના પેકીંગ પ્લાન્ટમા કેટલા માણસો કામ કરતા હતા તેની મને ખબર નથી. સને ૨૦૨૧ મા અમારી કંપનીમા શુ બનાવ બનેલો તેની મને ખબર નથી. અમારી કંપનીમા સ્ટ્રેચર મશીન કોઇ કામદાર પર પડવાથી તેને ઈજાઓ થતા તથા આ અકસ્માતમા કોઇ મરણ ગયેલ કે કેમ તેની મને ખબર નથી. આ બનાવ અંગે પોલીસે કોઇ જાણ કરેલી કે કેમ તેની મને ખબર નથી. આ અંગે હુ કાંઇ જાણતો નથી. પોલીસે મારી પૂછપરછ કરેલી જેમા ફકત મારૂ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહિ. સદર સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય, ફરી ગયેલા જાહેર કરી વિ.વ.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓ મહત્વની હકિકતોનો ઈન્કાર કરે છે.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, કહેવાતા બનાવ સમયે હુ નોકરી પર ગયેલ નહી. કોઇ અકસ્માતનો બનાવ અમારી કંપનીમાં બનેલ નહી કે મારા સાંભળવામાં આવેલ નહી.

(૮.૫) ફરીયાદપક્ષે **આંક-૨૬** થી સાહેદ પંકજ કલસીંગ ડામોરને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૨૧મા હુ બાયો ક્રોપ કેમ કંપની દહેજ ખાતે લેબર તરીકે નોકરી કરતો હતો અને લીકવીડ પ્લાન્ટમા મારી નોકરી હતી. મારી સાથે કુલ ૪ માણસો કામ કરતા હતા. મારી કંપનીના પેકીંગ પ્લાન્ટમા કેટલા માણસો કામ કરતા હતા તેની મને ખબર નથી. સને, ૨૦૨૧ મા અમારી કંપનીમા શુ બનાવ બનેલો તેની મને ખબર નથી.

અમારી કંપનીમા સ્ટ્રેચર મશીન કોઈ કામદાર પર પડવાથી તેને ઈજાઓ થતા તથા આ અકસ્માતમા કોઈ મરણ ગયેલ કે કેમ તેની મને ખબર નથી. આ બનાવ અંગે પોલીસે કોઈ જાણ કરેલી કે કેમાં તેની મને ખબર નથી. આ અંગે હુ કાંઈ જાણતો નથી. પોલીસે મારી પૂછપરછ કરેલી જેમા ફકત મારૂ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહિ. સદર સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય, ફરી ગયેલા જાહેર કરી વિ.વ.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓ મહત્વની હકિકતોનો ઈન્કાર કરે છે.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, કહેવાતા બનાવ સમયે હુ નોકરી પર ગયેલ નહી. કોઈ અકસ્માતનો બનાવ અમારી કંપનીમાં બનેલ નહી કે મારા સાંભળવામાં આવેલ નહી.

**(૮.૬)** ફરીયાદપક્ષે **આંક–૨૮** થી સાહેદ જવીરલાલ પાટની બેલ પારધીને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૨૧મા દહેજ ખાતે એક કંપનીમા મજુરી કામ કરતો હતો અને મારી ભત્રીજી હરજાના જે બીજી કંપનીમા નોકરી કરતી હતી તેને તે કંપનીમા અકસ્માત થયેલો તે મતલબનો અમોને કોઈએ ફોન કરીને જાણકારી આપેલી. જેથી અમે તે કંપનીમા ગયેલા જયા મારી ભત્રીજી મળેલ નહી અને તેને હોસ્પિટલ લઈ ગયેલા હતા જેથી અમે ભરૂચ ખાતે હોસ્પિટલમા ગયેલા અને ત્યા મે મારી ભત્રીજીને જોયેલી અને તેને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ થયેલી અને તે મરણ ગયેલી. ત્યારબાદ મારી ભત્રીજીનુ પી.એમ. કર્યા બાદ તેની લાશ અમોને સોંપતા અમે તેની અંતિમવિધી કરવા ભાડેથી ગાડી કરી અમારા વતન ગયેલા જયા તેની અંતિમવિધી કરેલી અને અમોને જાણવા મળેલ કે મારી ભત્રીજીને કંપનીમા લીફટ તેની ઉપર પડવાથી તેને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તે મરણ ગયેલી મારી ભત્રીજી આશરે ૧૫ વર્ષની ઉમરની હતી. આ બનાવ અંગે પોલીસે મારી પુછપરછ કરેલી.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, બનાવની જાણ મને ફોનથી થયેલી. બનાવ મે નજરે જોયેલ નથી. જેથી મને બનાવ અંગે કોઇ જાતમાહિતી નથી. હરજાના ઉપર કંપનીમાં લીફ્ટ પડતા તેને માથામા તથા શરીરે ઇજાઓ થયેલી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી. મારી ભત્રીજીની ઉમર આશરે ૧૫ વર્ષ હતી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી.

(૮.૭) ફરીયાદપક્ષે **આંક–૨૯** થી સાહેદ ધનપાલ શિકારજી પારધીને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૨૧ માં ભરૂચ જિલ્લામા કંપનીમા મજુરી કામ કરતો હતો અને મારી ભાણી હરજાના જે બીજી કંપનીમા નોકરી કરતી હતી અને તેને કંપનીમા અકસ્માત થયેલો જેથી અમે તે કંપનીમા ગયેલા જયા મારી ભાણી મળેલ નહી અને તેને હોસ્પિટલ લઇ ગયેલા હતા, જેથી અમે ભરૂચ ખાતે હોસ્પિટલમા ગયેલા અને ત્યા મે મારી ભાણીને જોયેલી અને તેને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજાઓ થયેલી અને તે મરણ ગયેલી. ત્યારબાદ મારી ભાણીનુ પી.એમ. કર્યા બાદ તેની લાશ અમોને સોંપતા અમે તેની અંતિમવિધી કરવા ભાડેથી ગાડી કરી અમારા વતન ગયેલા જયા તેની અંતિમવિધી કરેલી અને અમોને જાણવા મળેલ કે મારી ભાણીને કંપનીમા લીફ્ટ તેની ઉપર પડવાથી તેને શરીરે અને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તે મરણ ગયેલી મારી ભાણી આશરે ૧૬ વર્ષની ઉમરની હતી. આ બનાવ અંગે પોલીસે મારી પૂછપરછ કરેલી.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, બનાવની જાણ મને ફોનથી થયેલી. બનાવ મે નજરે જોયેલ નથી. જેથી મને બનાવ અંગે કોઇ જાતમાહિતી નથી. હરજાના ઉપર કંપનીમાં લીફ્ટ પડતા તેને માથામાં તથા શરીર ઇજાઓ થયેલી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી. મારી ભાણીની ઉમર આશરે ૧૬ વર્ષની હતી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી.

(૮.૮) ફરીયાદપક્ષે **આંક–૩૦** થી સાહેદ મનિષકુમાર પાટની બેલ પારધીને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, મારે સંતાનમા બે દિકરા અને બે દિકરી હતી જેમા સૌથી મોટી દિકરી હરજાના હતી જે આશરે ૧૪– ૧૫ વર્ષની હતી. સને ૨૦૨૧ મા દહેજ ખાતે મારી દિકરી કંપનીમા કામ કરતી હતી તે વખતે તેના ઉપર લીફ્ટ પડેલી અને તેને માથામા તથા હાથ પગમા ઈજાઓ થયેલી અને તેને ઈજાઓ થતા ભરૂચ ખાતે સિવિલ હોસ્પિટલમા લઈ જવામા આવેલી જયા તે સારવાર દરમિયાન મરણ ગયેલી. બનાવ સમયે હુ અલગ કંપનીમા કામ કરતો હતો અને બનાવની જાણ અમોને અમારી કંપનીના માણસો દ્વારા કરવામા આવેલી. બનાવની જાણ થતા હુ ભરૂચ ખાતે હોસ્પિટલમાં ગયેલો અને ત્યા મારી દિકરીની લાશનુ પી.એમ. કરી અમોને લાશ સોંપતા તેને અમારા વતનમા લઈ ગયેલા અને તેની અંતિમવિધી કરેલી. બનાવ અંગે પોલીસે મારી પૂછપરછ કરેલી.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, બનાવની જાણ મને ફોનથી થયેલી. બનાવ મે નજરે જોયેલ નથી. જેથી મને બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી. હરજાના ઉપર કંપનીમાં લીફ્ટ પડતા તેને માથામાં તથા શરીર ઈજાઓ થયેલી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી. મારી દિકરીની ઉમર આશરે ૧૪–૧૫ વર્ષની હતી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી.

(૮.૯) ફરીયાદપક્ષે **આંક–૩૧** થી સાહેદ કલકિશનાબેન મનીષકુમાર પાટની બેલ પારધીને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, મારે સંતાનમા બે દિકરા અને બે દિકરી હતી જેમા સૌથી મોટી દિકરી હરજાના હતી જે આશરે ૧૬ વર્ષની હતી. સને ૨૦૨૧ મા દહેજ ખાતે મારી દિકરી કંપનીમા કામ કરતી હતી તે વખતે તેના ઉપર લીફ્ટ પડેલી અને તેને માથામા તથા હાથ પગમા ઈજાઓ થયેલી અને તેને ઈજાઓ થતા ભરૂચ ખાતે સિવિલ હોસ્પિટલમા લઈ જવામા આવેલી જયા તે સારવાર દરમિયાન મરણ ગયેલી. બનાવ સમયે હુ અલગ કંપનીમા કામ કરતો હતો અને બનાવની જાણ અમોને

અમારી કંપનીના માણસો દ્વારા કરવામા આવેલી. બનાવની જાણ થતા હુ ભરૂચ ખાતે હોસ્પિટલમા ગયેલો અને ત્યા મારી દિકરીની લાશનુ પી.એમ. કરી અમોને લાશ સોંપતા તેને અમારા વતનમા લઇ ગયેલા અને તેની અંતિમવિધી કરેલી. બનાવ અંગે પોલીસે મારી પૂછપરછ કરેલી.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, બનાવની જાણ મને ફોનથી થયેલી. બનાવ મે નજરે જોયેલ નથી. જેથી મને બનાવ અંગે કોઇ જાતમાહિતી નથી. હરજાના ઉપર કંપનીમાં લીફ્ટ પડતા તેને માથામાં તથા શરીર ઇજાઓ થયેલી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી. મારી દિકરીની ઉમર આશરે ૧૬ વર્ષની હતી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી.

(૮.૧૦) ફરીયાદપક્ષે **આંક–૩૯** થી સાહેદ યોગેશકુમાર મનુભાઇ પટેલને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૨૧ મા હુ ભરૂચ ઔધોગિક સલામતી અને સ્વાસ્થયની કચેરી ખાતે મદદનીશ નિયામક તરીકે ફરજ બજાવતો હતો. મારી ફરજમા કારખાના ધારા–૧૯૪૮ હેઠળ તેમજ ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ હેઠળ કારખાનાનુ નિરિક્ષણ તથા વહીવટી કામગીરી કરવાની હતી અને તે મુજબ અમારે દરેક કારખાનાની નિર્રિક્ષણ કરવાની કામગીરી વાષી ક એક વખત તથા કયારેક અચાનક નિરિક્ષણ તથા વિભાગના નિર્દેશો મુજબ નિરિક્ષણ કરવાનુ હોય છે. મારા કાર્યક્ષેત્ર વાળી કોઈ કંપનીમા/ કારખાનામા કોઈ આકસ્મીક બનાવ બને તો તે સ્થળની તપાસણી કરવાની હોય છે. વાગરા તાલુકાનુ કાર્યક્ષેત્ર મારા હેઠળ આવતુ હતુ તા. ૨૬/૦૬/૨૦૨૧ ના રોજ દહેજ ખાતે બાયોસ ક્રોપકેર પ્રા.લી. કંપની ખાતે એક ફોર્ક લીફ્ટ લોડર મશીન રો–મટીરીયલ સાથે પડી ગયેલુ જે અકસ્માતમાં સદર કંપનીમા કામ કરતા એક શ્રમિકનુ મૃત્યુ થયેલુ અને ત્રણ શ્રમિકો ઈજાગ્રસ્ત થયેલા અને આ બાબતે દહેજ પો.સ્ટે. ખાતે અકસ્માત મોત દાખલ થયેલ જે અનુસંધાને દહેજ પો.સ્ટે.મા પો.સ.ઈ. શ્રી દ્વારા અમોને તા. ૨૮/૦૬/૨૦૨૧ ના રોજ યાદ પાઠવી સદર બનાવવાળી જગ્યા (કંપની) ની સ્થળ વિઝિટ કરી

અહેવાલ પાઠવવા યાદી કરેલી. ત્યારબાદ તપાસ કરનાર દ્વારા અમારી નાયબ નિયામક શ્રી ઔધોગિક સલામતી અને સ્વાસ્થની કચેરી ખાતે સદર સ્થળ તપાસ કરી અહેવાલ મેળવવાા બાબતે અવાર નવાર યાદીઓ પાઠવવામા આવેલી અને તે બાબતે રીમાઇન્ડર યાદીઓ આપવામા આવેલી જે રીમાન્ડર યાદીઓ મને બતાવવામા આવે છે. જે અમારી કચેરીને પાઠવવામા આવેલ યાદીઓ છે જે તારીખ.૨૮/૦૬/૨૦૨૧ ની યાદી તથા તે યાદીના કુલ–૪ રીમાન્ડર યાદીઓ જેમા પો.સ.ઈ. દહેજ પો.સ્ટે.નાઓની સહીઓ છે. જે સંયુકત **આંક–૪૦** થી રજુ કરવામાં આવેલ છે. સદર તપાસ કરનાર અમલદાર દ્વારા અમારી કચેરીને સ્થળ તપાસ કરી અહેવાલ આપવા યાદીઓ કરેલ તે અનુસંધાને અમોએ સ્થળ વિઝિટ કરેલ અને સ્થળ વિઝિટ કરી તે મતલબનો સ્થળ વિઝિટ અહેવાલ અમારી વડી કચેરી નિયામક શ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થય અમદાવાદ, ૩/૫ માળ શ્રમભવન ખાનપુર અમદાવાદને પાઠવેલ. સદર સ્થળ વિઝિટ અહેવાલ હુ આજ રોજ મારી સાથે લાવેલ નથી અને સદર સ્થળ વિઝિટ અહેવાલ અમોએ આ કામે દાખલ થયેલ દહેજ પો.સ્ટે. અકસ્માત મોત નંબર–૧૪/૨૦૨૧ ના કામના તપાસ કરનાર અમલદારને મોકલેલ નહી. હુ મારી સાથે તા. ૧૭/૦૯/૨૦૨૧ ના રોજનો સ્થળ મુલાકાત અહેવાલ લાવેલ છુ જે આ બનાવવાળા સ્થળની તા. ૨૬/૦૬/૨૦૨૧, તા. ૦૮/૦૯/૨૦૨૧ અને તા. ૧૭/૦૯/૨૦૨૧ ના રોજ કરેલ સ્થળ વિઝીટ દરમિયાન બનાવેલ અહેવાલ છે જેમા મદદનીશ નિયામક તરીકે અમોએ કરેલ અહેવાલ છે જે અહેવાલની ઝેરોક્ષ રજુ કરૂ છુ. સદર સ્થળ મુલાકાત અહેવાલ ઝેરોક્ષ કોપી હોય તેમા અહેવાલ તૈયાર કરનાર તરીકેની સહી પણ ઝેરોક્ષ હોય સદર અહેવાલને રજુ કરવા સામે બચાવ પક્ષે વાંધો લીધેલ છે અને જણાવેલ છે કે સદર અહેવાલ ઝેરોક્ષ કોપી છે તથા આ અહેવાલ હાલના સાહેદ દ્વારા તપાસ કરનાર અમલદારને આપવામા આવેલ નથી. જેથી તે રજુ થવા સામે વાંધો જતાવેલ છે વધુમા બચાવપક્ષે આ બાબતે આંક–૪૩ થી વિસ્તુત લેખિત વાંધા રજુ કરેલ છે જે ધ્યાને લીધા. એપીપી શ્રી દ્વારા રજૂઆત કરેલ છે કે હાલ ફરીયાદ પક્ષનો પુરાવો રજુ કરવાના તબક્કે કેસની કાર્યવાહી અને ફરિયાદ પક્ષ કેસને લગતા દસ્તાવેજી પુરાવા રજુ કરી શકે અને બચાવ પક્ષે સદર

દસ્તાવેજો બાબતે બચાવ કરવાની તક રહેલ છે તેથી બચાવપક્ષનો વાંધો નામંજુર કરવા અરજ કરેલ છે. આ કામે બંને પક્ષની રજૂઆતો ધ્યાને લેતા હાલના સાહેદ દ્ધારા રજુ કરવામા આવેલ સ્થળમુલાકાત અહેવાલ ધ્યાને લેતા સદર અહેવાલ સાહેદ દ્ધારા તપાસ દરમિયાન તપાસ કરનાર અમલદારને પુરો પાડવામા આવેલ નથી એટલે કે તપાસ કરનાર દ્ધારા તપાસ દરમિયાન મેળવવામા આવેલ નથી વધુમા આજ રોજ રજુ થયેલ સદર સ્થળમુલાકાત અહેવાલ ઝેરોક્ષ નકલ છે જેમા અહેવાલ તૈયાર કરનારની અસલ સહી નથી આ સંજોગોમા પણ બચાવ પક્ષનો વાંધો પુરાવા અધિનિયમની જોગવાઇઓ સાથે ધ્યાને લેતા ગ્રાહ્ય રાખવા પાત્ર હોય સદર અહેવાલને પુરાવામા વંચાણે લઇ શકાય નહી જેથી તેને આંક આપવામા આવતો નથી.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, તપાસ દરમિયાન તપાસ કરનાર અમલદાર દ્ધારા સ્થળ મુલાકાત અહેવાલની અવાર નવાર માંગણી કરેલ તેમ છતા અમોએ તે સ્થળ મુલાકાત અહેવાલ તપાસ કરનાર અમલદારને પુરો પાડેલ નહિ. અમે કોઇ સ્થળ મુલાકાત અહેવાલ તૈયાર કરેલો છે તેવી અમે પોલીસને જાણ કરેલા નહિ. સ્થળ મુલાકાત અહેવાલ અમોએ સ્થળની મુલાકાત લઇ તૈયાર કરેલ છે એ બાબતની તપાસ કરનારને જાણ કરેલ હોય એવો કોઇ પુરાવો આ કામે રજુ કરેલ નથી. સ્થળ મુલાકાત અહેવાલ બાબતે તપાસ કરનારે મારૂ કોઇ નિવેદન લીધેલ નહિ. અમે અમારી કચેરીમા કોઇ સ્થળમુલાકાત અહેવાલ તૈયાર કરીએ અને મેળવીએ કે તે મોકલીએ તેની આવક જાવક રજીસ્ટરમા નોંધ થાય છે. જરૂરી નથી કે દરેક સ્થળ મુલાકાત અહેવાલનો જે તે નંબર પાડવામા આવે છે. અમોએ સ્થળ મુલાકાત દરમિયાન કોઇના નિવેદન લીધેલ હોય તે અંગેના પુરાવા આ કામે રજુ કરેલ નથી. કહેવાતા બનાવની તારીખ થી અઢી મહિના સુધીમા કોઇ સ્થળ મુલાકાત અહેવાલ તૈયાર કરેલ નહિ.

**(૮.૧૧)** ફરીયાદપક્ષે **આંક–૪૬** થી એ.એસ.આઇ. બાલુભાઇ નારણભાઇ આહીરને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે,

આપ્યા, તા. ૦૮/૦૫/૨૦૨૨ ના રોજ અમો દહેજ પો.સ્ટે. મા પી.એસ.ઓ. તરીકે હાજર હતા તે દરમિયાન પો.સ.ઇ. શ્રી વી.આર. પ્રજાપતિનાઓએ પોતાની રૂબરૂની ફરીયાદ ફરીયાદી તરીકે આપેલ જે ફરીયાદ હકિકત વંચાણે લેતા તે મતલબની હતી કે આ કામના આરોપીઓ મરણ જનાર હરજાનાબેન મનિષભાઇ ઉર્ફે માસકુવર પારગી તથા ઈજા પામનાર બદીબેન અજયભાઇ મેડા, રાજ આહિર સિહ પારગી નાઓ ૧૮ વર્ષથી ઓછી ઉમરના હોવાનુ જણાયેલ અને તેમને કામે લગાડી| આરોપી નં. ૧ થી ૪ નાઓએ કારખાના ધારા મુજબનો લાયસન્સ મેળવ્યા વગર જંતુનાશક દવાઓનુ ઉત્પાદન કરવાની પ્રક્રિયા કરતી કંપની ચાલુ કરી ઉત્પાદન પ્રક્રીયા ચાલુ કરેલ હોવાનુ તેમજ કંપનીના લેબર કોન્ટ્રાકટરો જગતસિહ મદનસિહ કારકી તથા મયુરભાઇ રાયસિહ રાજનાઓએ મરણ જનાર તથા ઈજા પામનાર ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો હોવાનું જાણવા છતા જોખમી વ્યવસાયની ઉત્પાછન પ્રક્રીયામા કામે લગાડેલ તેમજ આ કંપની બાયોક્રોપ કેરના ડાયરેકટરો કમલેશ ચતુરભાઇ પટેલ, ચંદ્રકાન્ત બાબુભાઇ પટેલ, સચીન નવિનચંદ્ર પટેલ અને અંકિત રાજેશકુમાર પટેલ તેમની કંપનીના લેબર કોન્ટ્રાકટરો જગત મદનસિહ કારકી તથા મયુર રાયસિહ રાજનાઓએ સદર મરણ જનાર તથા ઈજા પામનાર ૧૮ વર્ષથી ઓછી વયના હોવાનું જાણવા છતા તેઓની જીંદગીને જોખમમા મુકી જોખમી વ્યવસાયની ઉત્તપાદન પ્રક્રીયામા કામે લગાડેલ અંને સદર આરોપી નં. ૧ થી ૪ નાઓએ કારખાના ધારા મુજબનુ લાયસન્સ મેળવ્યા વિના જોખમી જંતુનાશક દવાઓનુ ઉત્પાદન કરવાની પ્રક્રીયા ચાલુ કરતા સદર કંપનીના પ્રોડકશન પ્લાન્ટની અંદર સ્ટ્રેકર મશીનનુ બેલેન્સ હલી જતા આડુ પડી જવાથી રો–મટીરીયલનુ પેકીંગનુ કામ કરતા મરણ જનાર હરજાનાબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમિયાન મરણ ગયેલ તથા બદીબેન અજયભાઇ મેડા તથા રાજ આહિરસિહ પારગી નાઓને ગંભીર ઈજાઓ પહોંચાડી ગુનો કર્યા મતલબની હતી. જે મતલબની ફરીયાદ આપતા સદર ફરીયાદ અમોએ દહેજ પો.સ્ટે.ગુ.ર.નં.ફ.૦૩૭૧/૨૦૨૨ ઇ.પી.કો. ૩૦૪(અ), ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૧૧૪ તથા બાળમજુરી પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૪(૧–એ) તથા કારખાના ધારા ની કલમ–૯૨ મુજબ

ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર. પ્રજાપતિનાઓને ડેપ્યુટ કરેલ. જે અંગેનો ડેપ્યુટ હુકમ રજુ કરૂ છુ. જેમા પી.એસ.ઓ. તરીકે મારી સહી છે જે સહી હુ ઓળખુ છુ. જે ડેપ્યુટ હુકમ **આંક–૪૭** થી રજુ કરવામાં આવેલ છે.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, મારી પાસે માત્ર ટાઇપ થયેલી ફરીયાદ આવેલી તે સિવાય બીજા કોઇ દસ્તાવેજો મને મળેલ નહિ. કહેવાતા બનાવ બાદ ૩૧૬ દિવસ પછી ફરીયાદ મારી પાસે દાખલ થવા માટે આવેલ હતી. મે ફરીયાદ લઈ ગુનો દાખલ કર્યા સિવાય અન્ય કોઇ કાર્યવાહી કરેલ નહિ. ફરીયાદ આધારે ગુનો દાખલ કર્યા સિવાય સ્ટેશન ડાયરીમા કોઇ પંચનામા બાબતે નોંધ કરવાનો પણ પ્રસંગ બનેલ નથી.

**(૮.૧૨)** ફરીયાદપક્ષે **આંક–૫૨** થી સાહેદ એ.એસ.આઇ. ધર્મેન્દ્રસિંહ નાગજીબાવા સિંધાનીને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા.૨૬/૦૬/૨૦૨૧ ના રોજ અમો દહેજ પો.સ્ટે.મા હાજર હતા તે દરમિયાન પો.સ્ટે. અમલદારે અમોને દહેજ પો.સ્ટે. ટેલીફોન વર્ધી નંબર ૮૩/૨૦૨૧ ની તપાસમા આપતા હુ તે આધારે ભરૂચ સિવિલ હોસ્પિટલમા આવીને તપાસ કરતા દહેજ બાયોસ્કોપ કેર કંપનીમા અકસ્માતમા મરણ જનાર હરજાનાબેન મનિષભાઇ ઉર્ફે માસકુવર પારગી ના લાશનુ ઇન્કવેસ્ટ ફોર્મ ભરી મરણોત્તર ફોર્મ ભરી એજયુકેટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂમા પી.એમ. કરાવેલ તેમજ ઇજા પામનાર આહિરભાઇ તથા બદીબેન અજયભાઇ મેડાનુ એજયુકેટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ ડી.ડી. લેવડાવેલ ત્યા હાજર સંકેતભાઇ ફળદુ ભાઇની જાહેરાત લઇ દહેજ પો.સ્ટે. અમલદાર રૂબરૂનું અકસ્માત મોત નંબર–૧૪/૨૦૨૧ સી.આર.પી.સી. ૧૭૪ દાખલ કરાવી આગળની તપાસ પી.એસ. આઇ. વી.આર. પ્રજાપતિ સાહેબનાઓને સોપેંલી.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, ટેલીફોન વર્ધી નોંધ નંબર–૮૩/૨૦૨૧ આ કામે રજુ કરેલ

નથી. મારી રૂબરૂ બનાવની કોઇ જાહેરાત કરવામા આવેલી નથી. ઇન્કવેસ્ટ પંચનામાની વિગત પોલીસની માહિતી મુજબ ભરવામા આવેલી. મારી રૂબરૂમા ડી.ડી. નોંધવાનો પ્રસંગ બનેલો નહિ. અકસ્માત મોત નંબર–૧૪/૨૦૨૧ મારી રૂબરૂ નોંધવામા આવેલ હોય તેમ બનેલ નહિ. મારે બાયો ક્રોપ કેર કંપનીમા જવાનો કોઇ પ્રસંગ બનેલ નથી.

**(૮.૧૩)** ફરીયાદપક્ષે **આંક–૫૩** થી ત.ક.અ. પી.આઇ. વિજયભાઇ રામભાઇ પ્રજાપતિને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, અમો તા. ૨૬/૦૬/૨૦૨૧ ના રોજ દહેજ પો.સ્ટે. ખાતે પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા તે વખતે દહેજ પો.સ્ટે.ના પી.એસ.ઓ. કે.એ.સૈયદ નાઓએ દહેજ પો.સ્ટે. અ.મોત નંબર–૧૪/૨૦૨૧ સી.આર.પી.સી.. કલમ–૧૭૪ મુજબનો બનાવ રજીસ્ટર કરી તેની તપાસ હુકમ સહિત મને સોંપતા સદર બનાવની તપાસ મે સંભાળી લીધેલી. જે બનાવની હકિકત એવી હતી કે દહેજ જી.આઇ.ડી.સી. એસ્ટેટ–૨ ના પ્લોટ નંબર–ડી–૨ / સી.એચ.–૧૨૮ પર આવેલ બાયો ક્રોપ કેર પ્રા.લી.કંપની મા સવારના આશરે પોણા નવેક વાગ્યાની આસપાસ પ્રોડકશન અને પેકીંગ વિભાગમા સ્ટ્રેકર મશીનથી દવા બનાવવાનુ રો મટીરીયલ ઉંચકીને બ્લેન્ડર ઉપર મુકવાનુ ચાલુ હતુ તે દરમિયાન સ્ટ્રેકર મશીનનુ બેલેન્સ હલી જતા સ્ટ્રેકર મશીન આડુ પડી જતા સ્ટ્રેકર મશીન ઉપર રોમટીરીયલ પેકગનુ કામ કરતા ૧. હરજાનાબેન મનીશભાઇ પારધી નં. ૨. બદીબેન અજયભાઇ મેડા, નં. ૩. રાજ આહિરસિહ પારધી નાઓની ઉપર પડતા તેઓને ઇજાઓ થતા સારવાર સારૂ ભરૂચ ખાતે દાખલ કરેલ અને તે પૈકી હરજાનાબેન મનીશભાઇ ઉ.વ. ૧૬ નાઓ મરણ ગયેલ ઉપરોકત બનાવમા હરજાનાબેન મરણ ગયેલ હોય તેમનુ પી.એમ. તથા ઇજા પામેલ સાહેદોના ડી.ડી. લેવડાવવા સારૂ દહેજ પો.સ્ટે.ના એ.એસ.આઇ. ધરમેન્દ્રસિહ નાગજીબાવા નાઓને સૂચના આપેલ અને ધરમેન્દ્રસિહનાઓએ ભરૂચ ખાતે જઇ હરજાનાબેનનુ સીવિલ હોસ્પિટલ ભરૂચ ખાતે પી.એમ. કરાવેલ અને અન્ય, ઇજા પામનાર બદીબેન અને રાજભાઇનાઓનુ એકજીકેટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ મરણોમુખ નિવેદન

લેવડાવેલ જે તમામ કાગળો પરત આવીને મને સોંપતા તમામ સાધનિક કાગળો તપાસના કામે સામેલ રાખેલ ત્યારબાદ તા. ૨૭/૦૬/૨૦૨૧ ના રોજ હુ બનાવ વાળી જગ્યાએ ગયેલો. જે બનાવવાળી જગ્યા દહેજ જી.આઇ.ડી.સી.મા આવેલ બાયો ક્રોપ કેર પ્રા.લી. કંપનીના પ્રોડકશન અને પેકીંગ શેડની અંદર પાછળના ભાગે આવેલ હતી. સદર જગ્યાનુ ભોયતળિયુ પાકુ સિમેન્ટનુ બનેલ હતુ અને ઉપરના ભાગે પતરાનો શેડ બનાવેલ હતો અને સદર જગ્યા ઉપર એક સ્ટ્રેકર મશીન આડુ પડેલ હતુ અને સ્ટ્રેકર મશીનના નીચેના ભાગે મેન્કોઝેબ ૮૦ ટકા ડબલ્યુ.પી. ની પીળા કલરની પ્લાસ્ટિકની પેપર બેગો પડેલ હતી જેમા બે થી ત્રણ બેગો ઉપર તથા ભોયતળિયા ઉપર લોહીના ડાધા પડેલ હતા તથા તેની પાસે બે જોડી લેડીઝ ચપ્પલ અને એક જોડ જેન્ટસ ચપ્પલ પડેલ હતા. સ્ટ્રેકર મશીનની બાજુમા એક લોખંડનુ પ્લેટફોર્મ આવેલ હતુ અને આડા પડેલ સ્ટ્રેકર મશીનથી બદીબેન અને અજયભાઇ નાઓને ઇજાઓ થયેલ હતી અને હરઝાનાબેનનાઓનુ મોત થયેલ હતુ તેવુ હાજર સાહેદ સંકેતભાઇ ફળદુનાઓએ મારા તથા પંચો રૂબરૂ જણાવેલુ આ સમગ્ર બાબતનુ પંચનામુ મે તા. ૨૭/૦૬/૨૦૨૧ ના કલાક ૧૧–૩૦ થી ૧૨–૦૦ સુધીનુ પંચો રૂબરૂનુ કરી લીધેલ. મને આંક–૧૦ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમા બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે. સદર પંચનામુ સદર સાહેદને બતાવવા સામે બચાવ પક્ષને વાંધો હોય બચાવ પક્ષનો વાંધો નામંજુર કરવામા આવે છે. ત્યારબાદ સદર બનાવના કામે બાયો ક્રોપકેર કંપનીના સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરવામા આવેલ જેની સી.ડી. બનાવી તપાસના કાગળોમા સામેલ રાખેલ તથા એફ.એસ.એલ. અધિકારી શ્રી પાસેથી સ્થળ પરીક્ષણ અહેવાલ મેળવવામા આવેલ. જે અહેવાલ બતાવવામા આવે છે જે અમે તપાસના કામે મેળવેલ છે તે જ છે જેમા એફ.એસ.એલ. અધિકારીની સહી છે. જેને બચાવ પક્ષના વાંધા સહિત રજુ દાખલ **આંક–૫૪** આપવામા આવે છે. ત્યારબાદ સદર બાયો ક્રોપ કેર કંપની પાસેથી જરૂરી માહિતી માંગવા માટેની યાદી તૈયાર કરી બાયો ક્રોપ કેર કંપનીના કર્મચારીને આપવામા આવેલી. ત્યારબાદ નાયબ નિયામક શ્રી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય ભરૂચનાઓને સદર બનાવ બાબતે સ્થળ વિઝિટ કરી

અહેવાલ સુપ્રત કરવા યાદીઓ કરેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામા આવેલ આને હરજાનાબેનનાઓની પી.એમ.નોટ તથા ઈજા પામનાર બદીબેન અને રાજ આહિંરભાઇ નાઓના સારવાર સટી મેળવવામા આવેલ. અમોને હરજાનાબેન મનિષકુમાર પારધી નાઓની પી.એમ.નોટ બતાવવામા આવે છે જે મે અ.મોત તપાસના કામે મેળવેલ તે જ છે જેમા પી.એમ. કરનાર મેડિકલ ઓફિસર ડો.મુકેશ કે ગર્ગની સહી છે તથા હોસ્પિટલનો સિક્કો છે જે ઓળખુ છુ. જે **આંક–૫૫** થી રજુ કરવામાં આવેલ છે. બાદ આ કામે સાહેદોના નિવેદનો લેતા જાણવા મળેલ કે હરજાનાબેન , બદીબેન અને રાજ આહિર નાઓની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હોવાનુ જણાઈ આવેલ તથા બાયો ક્રોપ કેર કંપની તરફથી માહિતી મળતા સદર કંપનીના માલિકો કમલેશભાઈ ચતુરભાઇ પટેલ નં.૨. ચંદ્રકાન્તભાઇ બાબુભાઈ પટેલ, નં. ૩ સચિનકુમાર નવીનચંદ્ર પટેલ, નં. ૪. અંકિત કુમાર રાજેશભાઈ પટેલ નાઓ હોવાનુ જણાઈ આવે છે અને મુત્યુ પામેલ હરજાનાબેન તથા ઈજા પામનાર રાજ ભાઈનાઓ જગતસિહ મદનસિહ કારકીના સાઈ એન્ટરપ્રાઈઝ કોન્ટ્રાકટ હેઠળ કામ કરતા હોવાનુ તથા ઈજા પામનાર બદી બેનનાઓ મયુરસિહ રાયસિહ રાજનાઓના મહાલક્ષ્મી એન્ટરપ્રાઇઝ કોન્ટ્રાકટમા કામ કરતા હોવાનુ જાણવા મળેલ અને મદદનીશ શ્રમ આયુકત પાસેથી માહિતી મળેલ જે અનુસાર ૧૪ થી ૧૮ વર્ષના બાળકોને જોખમી પેસ્ટીસાઇડ ઉત્પાદિત કરતા કારખાનામા કામે રાખવા પર પ્રતિબંધિત હોવાનું જણાવેલ. ત્યારબાદ સદર અ.મોત બાબતે જિલ્લા સરકારી વકિલ શ્રી ભરૂચનાઓનુ જરૂરી માર્ગદર્શન મેળવવામા આવેલુ. આમ સમગ્ર તપાસ ને જોતા સદર બનાવના કામે બાયો ક્રોપ કેર કંપનીના માલિકો સચિન કુમાર, ચંદ્રકાન્તભાઇ, કમલેશભાઇ, અંકિભાઇ નાઓએ ફેકટરી ધારાનુ લારાસન્સ મેળવ્યા પહેલા પોતાની પેસ્ટીસાઇડ ઉત્પાદન કરવાની ફેકટરી ચાલુ કરેલ અને કોન્ટ્રાકટર જગતસિહ મદનસિહ કારકી તથા મયુરસિહ રાયસિહ રાજ નાઓ સાથે મળી ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો હરઝાનાબેન, બદીબેન અને રાજનાઓને જોખમી ઉત્પાદન કરતી ફેકટરીમા કામ કરવા સારૂ રાખેલ હોય આ છ ઇસમો વિરૂધ્ધ મે તા. ૦૮/૦૫/૨૦૨૨ ના રોજ ઇ.પી.કો. કલમ–૩૦૪ અ,

૩૩૬, ૩૩૭, ૩૩૮, ૧૧૪ તથા બાળ મજુર પ્રતિબંધી અધિનિયમ ૧૯૮૬ ની કલમ–૧૪(૧) (એ) તથા કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૯૨ મુજબની ફરીયાદ મારી રૂબરૂની આપેલ જે અસલ ફરીયાદ રજુ કરૂ છુ. જેમા ફરીયાદી તરીકે તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે ઓળખુ છુ. જે અસલ ફરીયાદને **આંક–૫૬** થી રજુ કરવામાં આવેલ છે. સદર ફરિયાદ આધારે અમોએ પો.સ્ટે. અમલદાર ને ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી કરવા સદર ફરીયાદ સાદર કરેલ જે રીપોર્ટ રજુ કરૂ છુ. જેમા પો.સ.ઈ. દહેજ પો.સ્ટે. તરીકે મારી સહી છે જે ઓળખુ છુ. જેને રજુ દાખલ **આંક–૫૭** થી રજુ કરવામાં આવેલ છે. સદર ફરીયાદ આધારે દહેજ પોસ્ટે. ગુ.ર.નં. ૦૩૭૧/૨૦૨૨ ઈ.પી.કો. કલમ– ૩૦૪ (અ), ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૧૧૪ તથા બાળ મજુર પ્રતિબંધી અધિનિયમ ૧૯૮૬ ની કલમ–૧૪(૧)(એ) તથા કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૯૨ મુજબનો ગુનો દાખલ કરી તે ગુનાની આગળની તપાસ પો.ઈન્સ. આર. જે. ગોહિલનાઓએ સંભાળેલ.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, બનાવ સ્થળેથી મે કોઇ પણ ચીજ વસ્તુ જેવી કે કોથળા, સ્ટ્રેકર મશીન, ચંપલ, પાઉડર કે, મટીરીયલ કબજે કરેલ નથી. બનાવ સ્થળેથી કોઇ લોહીના નમૂળા લઇ તેનુ એફ.એસ.એલ. પરીક્ષણ કરાવેલ નથી. મે તપાસના કામે મે મોનોઝેડ ૮૦ ટકા કબજે કરેલ નથી. પ્રોડકશનમા ઉપયોગમા લેવાતા કોઇ પણ કેમીકલ કે પાઉડર કે મટીરીયલ અમોએ કબજે લીધેલ નથી. બનાવ સ્થળે સી.સી.ટી.વી. કાર્યરત હતા તેવુ કોઇ સાહેદના નિવેદનમા કે પંચનામામા તપાસ દરમિયાન ખુલેલ નથી. અકસ્માત મોતની તપાસ દરમિયાન મારે ભરૂચ જિલ્લાની બહાર તપાસ કરવા જવાનુ બનેલ નહિ. આ કામે અમોએ મરણ જનાર હરજાનાબેન તથા ઈજા પામનાર બદીબેન અને રાજઆહિર નાઓના જન્મના પુરાવા જન્મ નોંધણી કચેરીમા જઇ રજીસ્ટરની તપાસણી કરી મેળવેલ હોય તેમ બનેલ નથી કે તેમના ઉમર બાબતે કોઇ તબીબી પરીક્ષણ કરાવેલ હોય તેમ પણ બનેલ નહિ. સંકેતભાઇ મનસુખભાઇ ફળદુએ અમારી સમક્ષ કોઇ જાહેરાત કરેલ નહિ. હાલની ફરીયાદ અમોએ આશરે ૧૦ માસ ના વિલંબ બાદ નોંધાવેલ. બનાવ સ્થળેથી મે કોઇ ડી.વી.આર. કબજે કરેલ નથી. મરણ જનાર તથા ઈજા

પામનાર આ કંપનીમા તેમજ કોન્ટ્રાકટમા કામ કરતા હોય તે મતલબનુ દસ્તાવેજી પુરાવા મેળવેલ હોય તે બાબતનુ કોઇ પંચનામુ આ કામે રજુ કરેલ નથી. બાયો ક્રોપ કેર કંપનીમા હુ ગયેલ હોય અને કંપનીમાથી મે કોઇ બુકસ ઓફ એકાઉન્ટ કે રજસ્ટર કબજે કરેલ હોય તે અંગેની સ્ટેશન ડાયરીમા કોઇ નોંધ કરેલ નથી કે પી.એસ.ઓ. ને સુપ્રરત કરેલ નથી.

**(૮.૧૪)** ફરીયાદપક્ષે **આંક–૬૪** થી સાહેદ રાજેન્દ્રસિંહ જોરાવરસિંહ ગોહિલ તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૨૨ ના વર્ષમાં અમો પી. આઇ તરીકે દહેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો તે દરમ્યાન દહેજ પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૧૧૧૯૯૦૧૬૨૨૦૩૭૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ–૩૦૪(અ) વિગેરે મુજબના ગુનાની તપાસ મારી અગાઉ પી.એસ.આઇ. શ્રી વી.આર. પ્રજાપતી અને પી.આઇ. શ્રી વી. બી. કોઠીયા નાઓએ કરેલી અને ત્યારબાદ આ ગુનાની તપાસ અમોને મળેલ. તપાસના કામે અમોએ આરોપીઓ વિરૂધ્ધ પુરતાં પુરાવાઓ હોય, જેથી તા.૧૬/૦૫/૨૦૨૨ ના રોજ આરોપીઓને અટક કરેલા, તેઓનું મેડીકલ કરાવેલ અને નામ. કોર્ટમાં સમયમર્યાદામાં રજુ કરેલા અને ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતાં પુરાવાઓ જણાતાં અમોએ ચાર્જશીટ કરેલુ. આરોપીઓને જોયેથી ઓળખુ છું. જેમાં આજ રોજ આરોપી નં. ૧, ૪ અને ૫ નાઓ હાજર છે બાકીના હાજર નથી. આરોપી તર્ફે ઓળખ અંગેની કોઇ તકરાર નથી.

ત્યારબાદ, તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, કહેવાતા બનાવ બન્યા બાદ ૩૧૬ દિવસ બાદ ફરિયાદ દાખલ થયેલી. તા.૦૮/૫/૨૦૨૨ ના રોજ ફરિયાદ દાખલ થયા બાદ આરોપીઓ વિરૂધ્ધ કોઇ સાહેદનું નિવેદન લેવામાં આવેલ નથી, કોઇ પુરાવો એકત્રિત કરવામાં આવેલ નથી.

**(૮.૧૫)** ફરીયાદપક્ષે **આંક–૬૫** થી સાહેદ વિક્રમસિંહ ભારતસિંહ કોઠીયાને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, સને–૨૦૨૧

ના વર્ષમાં અમો પી.આઇ તરીકે દહેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો અને તે દરમ્યાન એક અકસ્માત નોંધ દહેજ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ તેની તપાસ પી.એસ.આઇ. વી. આર. પ્રજાપતી નાઓ કરતાં હતા અને તેની સાથે તપાસમાં અમો સાથે હતા અને અમોએ તપાસ દરમ્યાન મરણ જનારના સગાં વ્હાલાઓ આવતાં તેઓના નિવેદનો અમોએ તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા અને બાકીની તપાસ વી. આર. પ્રજાપતિ નાઓએ કરેલી. ત્યારબાદ સદરહું બનાવ બાબતે ફરિયાદ દાખલ થયેલ જે દહેજ પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૧૧૧૯૯૦૧૬૨૨૦૩૭૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ-૩૦૪(અ) વિગેરે મુજબની દાખલ થયેલી. જે ફરિયાદ અમારી બદલી થયા બાદ દાખલ થયેલી. આ સીવાય અન્ય બીજી કોઇ કામગીરી કરેલ નથી.

(૦૯) આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઇએ. વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઇએ.

(૧૦) સદર કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતા ફરીયાદપક્ષે સૌપ્રથમ **આંક-૧૦** થી રજુ ગુનાવાળી જગ્યાના પંચસાહેદને **આંક-૦૯** થી તપાસેલ છે, તેઓની હાજરીમાં પોલીસે કોઇ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. અકસ્માતનો બનાવ બનેલનુ તેઓએ નજરે જોયેલ નથી કે કહેવાતા અકસ્માતના દિવસે તેઓ કંપનીમાં હાજર ન હતા. આમ. ફરીયાદપક્ષ સદર પંચનામાથી ફરીયાદપક્ષને સમર્થન મળતુ ન હોય, ફરીયાદપક્ષ સદર પંચનામુ ધોરણસર પુરવાર કરી શકેલ નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક-૧૧** થી તપાસેલ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ બાયસ્કોપ કેર પ્રા.લી. કંપનીમાં લીકવીડ પ્લાન્ટ ઇન્ચાર્જ

તરીકે ફરજ બજાવે છે. તેઓ જણાવે છે કે તેમની કંપનીમાં લેબર તરીકે કામ કરતી છોકરીને અકસ્માત થયેલો જેની જાણ તેઓને તેમની કંપનીના સુપરવાઈઝરએ કરેલી. તેથી તેઓ ગેટ ઉપર ગયેલા અને એમ્બ્યુલન્સને ફોન કરીને બોલાવેલ અને જેને અકસ્માત થયેલો તેને ભરૂચ સરકારી દવાખાને લાવેલા અને ત્યારબાદ તે છોકરીનુ અવસાન થયેલુ. આ આ છોકરીને માથાના ભાગે વાગેલુ હતુ. આ સિવાય કોઇને ઈજા થયેલ નહિ. પોલીસે તેઓની પુછપરછ કરેલી નહી કે જવાબ લીધેલ નથી. સદર સાહેદ ફરીયાદ હકિકતને સમર્થન કરતા ન હોય હોસ્ટાઇલ જાહેર થયેલ છે તેમજ વિ.વ.શ્રીની ઉલટતપાસમાં પણ કોઈ મહત્વની હકિકત કબુલ કરેલ નથી. તેમજ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, તેઓએ કોઈ બનાવ નજરે જોયેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૨** થી તપાસેલ સાહેદનો પુરાવો જોવામાં આવે તો આ કંપનીના ગેટની બહાર જે અકસ્માત થયેલો તેમાં એક મહિલા અને એક છોકરાને ઈજા થયેલી. જેમાં મહિલાને કયાં ઈજા થયેલી તેની તેઓને ખબર નથી પણ છોકરા ને માથા ના ભાગે ઈજા થયેલી. તેઓ તે વખતે તે અકસ્માત થયેલ જગ્યાએ ગયેલા અને ત્યા રોડ પર અકસ્માત થયેલો તે લોકો હતા. તેઓને પોલીસે આ અકસ્માત થનારને વળતર મળે તે માટે સહી કરાવેલી. તેઓ આંક–૧૩ થી રજુ અકસ્માત જાહેરાતમાં તેઓ તે સહી ઓળખી બતાવે છે. સદર સાહેદ અકસ્માત નોંધની હકિકતોને સંપૂર્ણ સમર્થન કરતા ન હોય હોસ્ટાઇલ જાહેર થયેલ છે. તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, તા. ૨૬/૦૬/૨૦૨૧ નો બનાવ કહેવાતો બનાવ મે નજરે જોયેલો નહી અને તેની મને જાતમાહિતી નથી. પોલીસે મારી જે કાગળ માં સહી લીધેલી તે વંચાવેલ નહી કે વાંચી સંભળાવેલ નહિ. પોલીસે કંપની બહાર રોડ પર જે વાહન અકસ્માત થયેલ તેના વળતરના કાગળો છે તેમ કહી સહી લીધેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૪** થી તપાસેલ પંચસાહેદ આંક–૧૦ થી રજુ પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે તથા તેઓ મરણજનાર હરજાનાબેનની લાશના ઈન્કવેસ્ટ પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવતા હોય, સદર પંચનામુ આંક–૧૫ થી રજુ કરેલ છે અને જણાવે છે કે, સદર સહી તેઓએ પોલીસ સ્ટેશનમાં બે વર્ષ પહેલા કરેલી. પોલીસની બીકે

તેઓએ સહી કરેલી જે કોરા ફોર્મમાં સહી કરાવેલી. તેઓને કોઇ મરણજનારની લાશ પોલીસ દવારા બતાવવામા આવેલ નહી અને તેઓએ તે જોયેલ નહી. સદર પંચ સહી કર્યા સિવાયની તમામ હકિકતોનો ઈન્કાર કરતા હોય સદર પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. આમ ફરીયાદપક્ષ સદર આંક-૧૫ થી રજુ પંચનામુ ધોરણસર પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે **આંક-૨૫ અને ૨૬** થી તપાસેલ સાહેદો ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થન કરતા ન હોય, હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, કહેવાતા બનાવ સમયે તેઓ નોકરી પર ગયેલ નહી. કોઈ અકસ્માતનો બનાવ તેઓની કંપનીમાં બનેલ નહી કે તેમના સાંભળવામાં આવેલ નહી.આમ, ફરીયાદપક્ષે આંક- ૧૧, ૧૨, ૧૩, ૨૫ અને ૨૬ થી તપાસેલ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષને સમર્થનકારી કોઇ પણ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય અને સદર સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ હોય આ સાહેદોના પુરાવાથી અકસ્માત કેવી રીતે બનેલો, કોની બેદરકારીથી બનેલો, કોનો અકસ્માત થયેલો તેવી કોઇ જ હકિકત રેકર્ડ પર આવેલ અ હોય આ કામના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

ત્યારબાદ **આંક-૨૮** થી તપાસેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા મરણજનાર હરજાનાબેન તેઓના ભત્રીજી થાય છે તેઓની ભત્રીજીને કંપનીમા લીફ્ટ તેની ઉપર પડવાથી તેને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તે મરણ ગયેલી, ભત્રીજી આશરે ૧૫ વર્ષની ઉમરની હતી. તેવો પુરાવો આપે છે જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી. હરજાના ઉપર કંપનીમાં લીફ્ટ પડતા તેને માથામા તથા શરીરે ઈજાઓ થયેલી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી કે હરજાનાની ઉમર આશરે ૧૫ વર્ષ હતી તેવુ પોલીસ જવાબમાં લખાવેલ નથી. ત્યારબાદ **આંક-૨૯** થી તપાસેલ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓની ભાણી હરજાનાનો કંપનીમાં અકસ્માત થયેલો અને સદર અકસ્માતમાં તેમની ભાણીને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ થયેલી અને તે મરણ ગયેલી અને તેમની ભાણીની ઉમર ૧૬ વર્ષની હતી. તેવો

પુરાવો આપે છે જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી. હરજાના ઉપર કંપનીમાં લીફટ પડતા તેને માથામા તથા શરીરે ઈજાઓ થયેલી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી કે હરજાનાની ઉમર આશરે ૧૬ વર્ષ હતી તેવુ પોલીસ જવાબમાં લખાવેલ નથી. ત્યારબાદ **આંક–30** થી તપાસેલ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ મરણજનાર હરજાનાના પિતા તથા માતા થાય છે. તેઓ જણાવે છે કે, સને ૨૦૨૧ મા દહેજ ખાતે તેમની દિકરી કંપનીમા કામ કરતી હતી તે વખતે તેના ઉપર લીફટ પડેલી અને તેને માથામા તથા હાથ પગમા ઈજાઓ થયેલી અને તેને ઈજાઓ થતા ભરૂચ ખાતે સિવિલ હોસ્પિટલમા લઈ જવામા આવેલી જયા તે સારવાર દરમિયાન મરણ ગયેલી તેણીની ઉમર આશરે ૧૪–૧૫ વર્ષની હતી. જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી. હરજાના ઉપર કંપનીમાં લીફટ પડતા તેને માથામા તથા શરીરે ઈજાઓ થયેલી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી કે હરજાનાની ઉમર આશરે ૧૪–૧૫ વર્ષ હતી તેવુ પોલીસ જવાબમાં લખાવેલ નથી. ત્યારબાદ **આંક–3૧** થી તપાસેલ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ મરણજનાર હરજાનાના માતા થાય છે. તેઓ જણાવે છે કે, સને ૨૦૨૧ મા દહેજ ખાતે તેમની  દિકરી કંપનીમા કામ કરતી હતી તે વખતે તેના ઉપર લીફટ પડેલી અને તેને માથામા તથા હાથ પગમા ઈજાઓ થયેલી અને તેને ઈજાઓ થતા ભરૂચ ખાતે સિવિલ હોસ્પિટલમા લઈ જવામા આવેલી જયા તે સારવાર દરમિયાન મરણ ગયેલી તેણીની ઉમર આશરે ૧૬ વર્ષની હતી. જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી. હરજાના ઉપર કંપનીમાં લીફટ પડતા તેને માથામા તથા શરીરે ઈજાઓ થયેલી તેવુ મારા પોલીસ જવાબમાં લખાવેલ નથી કે હરજાનાની ઉમર આશરે ૧૬ વર્ષ હતી તેવુ પોલીસ જવાબમાં લખાવેલ નથી. સદર આંક–૨૮, ૨૯, ૩૦ અને ૩૧ થી તપાસેલ સાહેદો મરણજનાર હરજાનાબેનના કૌટુંબીક સભ્યો/સબંધીઓ છે સદર તમામ સાહેદોના પુરાવાથી કંપનીમાં કામ કરતી વખતે હરજાનાબને પર

લીફ્ટ પડવાથી તેઓનુ સારવાર દરમ્યાન મરણ થયેલાની હકિકત રેકર્ડ પર આવે છે પરંતુ બનાવ તેઓએ નજરે જોયેલ નથી. વળી સદર અકસ્માત કેવી રીતે થયેલ, કોના કસુરથી થયેલ જેવી કોઇ જ હકિકત રેકર્ડ પર આવવા પામેલ નથી. વધુમાં સદર સાહેદોના પુરાવામાં મરણજનારની ઉમર અંગે વિસંગતતા જોવા મળે છે તેમજ હરજાનાબેન પર કંપનીમાં લીફ્ટ પડતા તેને માથામા તથા શરીરના ભાગે ઈજાઓ થયેલી હોવાનુ તથા હરજાનાની ઉમર પોલીસ જવાબમાં લખાવેલ નથી. સદર સાહેદોના પુરાવાથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

વધુમાં ફરીયાદપક્ષે **આંક–૩૯** થી તપાસેલ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ સને ૨૦૨૧ મા હુ ભરૂચ ઔધોગિક સલામતી અને સ્વાસ્થયની કચેરી ખાતે મદદનીશ નિયામક તરીકે ફરજ બજાવતા હતા અને તેમની કામગીરીમાં તેઓને દરેક કારખાનાની નિર્રિક્ષણ કરવાની કામગીરી વાષીક એક વખત તથા કયારેક અચાનક નિરિક્ષણ તથા વિભાગના નિર્દેશો મુજબ નિરિક્ષણ કરવાનુ તથા તેમના કાર્યક્ષેત્ર વાગરા તાલુકામાં કોઈ કંપનીમા કે કારખાનામા કોઇ આકસ્મીક બનાવ બને તો તે સ્થળની તપાસણી કરવાની હોય. તા. ૨૬/૦૬/૨૦૨૧ ના રોજ દહેજ ખાતે બાયોસ ક્રોપકેર પ્રા.લી. કંપની ખાતે એક ફોર્ક લીફ્ટ લોડર મશીન રો–મટીરીયલ સાથે પડી ગયેલુ જે અકસ્માતમાં સદર કંપનીમા કામ કરતા એક શ્રમિકનુ મૃત્યુ થયેલુ અને ત્રણ શ્રમિકો ઈજાગ્રસ્ત થયેલા અને આ બાબતે દહેજ પો.સ્ટે. ખાતે અકસ્માત મોત દાખલ થયેલ જે અનુસંધાને દહેજ પો.સ્ટે.મા પો.સ.ઇ. શ્રી દ્ધારા તેમોને તા. ૨૮/૦૬/૨૦૨૧ ના રોજ યાદ પાઠવી સદર બનાવવાળી જગ્યા (કંપની) ની સ્થળ વિઝિટ કરી અહેવાલ પાઠવવા યાદી કરેલી. ત્યારબાદ તપાસ કરનાર દ્ધારા નાયબ નિયામક શ્રી ઔધોગિક સલામતી અને સ્વાસ્થની કચેરી ખાતે સદર સ્થળ તપાસ કરી અહેવાલ મેળવવા। બાબતે અવાર નવાર યાદીઓ પાઠવવામા આવેલી અને તે બાબતે રીમાઈન્ડર યાદીઓ આપવામા આવેલી જે રીમાન્ડર યાદીઓ **આંક–૪૦** થી રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ તેઓએ સ્થળ વિઝિટ કરેલ અને સ્થળ વિઝિટ કરી તે મતલબનો સ્થળ વિઝિટ અહેવાલ વડી કચેરી નિયામક શ્રી,

ઔધોગિક સલામતી અને સ્વાસ્થય અમદાવાદ, ૩/૫ માળ શ્રમભવન ખાનપુર અમદાવાદને પાઠવેલ. પંરતુ સ્થળ વિઝિટ અહેવાલ તેઓ તેમની સાથે લાવેલ નથી અને સદર સ્થળ વિઝિટ અહેવાલ તેઓએ આ કામે દાખલ થયેલ દહેજ પો.સ્ટે. અકસ્માત મોત નંબર–૧૪/૨૦૨૧ ના કામના તપાસ કરનાર અમલદારને મોકલેલ નહી. તેઓ તા. ૧૭/૦૯/૨૦૨૧ ના રોજનો સ્થળ મુલાકાત અહેવાલ તથા આ બનાવવાળા સ્થળની તા. ૨૬/૦૬/૨૦૨૧, તા. ૦૮/૦૯/૨૦૨૧ અને તા. ૧૭/૦૯/૨૦૨૧ ના રોજ કરેલ સ્થળ વિઝીટ દરમિયાન બનાવેલ અહેવાલ છે જેમા મદદનીશ નિયામક તરીકે કરેલ અહેવાલની ઝેરોક્ષ રજુ કરે છે. આ સ્થળમુલાકાત અહેવાલ ધ્યાને લેતા સદર અહેવાલ સાહેદ દ્વારા તપાસ દરમિયાન તપાસ કરનાર અમલદારને પુરો પાડવામા આવેલ નથી એટલે કે તપાસ કરનાર દ્વારા તપાસ દરમિયાન મેળવવામા આવેલ નથી વધુમા આજ રોજ રજુ થયેલ સદર સ્થળમુલાકાત અહેવાલ ઝેરોક્ષ નકલ છે જેમા અહેવાલ તૈયાર કરનારની અસલ સહી નથી આ સંજોગોમા પણ બચાવ પક્ષનો વાંધો પુરાવા અધિનિયમની જોગવાઈઓ સાથે ધ્યાને લેતા ગ્રાહ્ય રાખવા પાત્ર હોય સદર અહેવાલને પુરાવામા વંચાણે લઇ શકાય નહી. જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, તપાસ દરમિયાન તપાસ કરનાર અમલદાર દ્વારા સ્થળ મુલાકાત અહેવાલની અવાર નવાર માંગણી કરેલ તેમ છતા તેઓએ તે સ્થળ મુલાકાત અહેવાલ તપાસ કરનાર અમલદારને પુરો પાડેલ નહિ. તેઓએ કોઇ સ્થળ મુલાકાત અહેવાલ તૈયાર કરેલો છે તેવી તેઓને પોલીસને જાણ કરેલ નહિ. સ્થળ મુલાકાત અહેવાલ તેઓએ સ્થળની મુલાકાત લઇ તૈયાર કરેલ છે એ બાબતની તપાસ કરનારને જાણ કરેલ હોય એવો કોઇ પુરાવો આ કામે રજુ કરેલ નથી. સ્થળ મુલાકાત અહેવાલ બાબતે તપાસ કરનારે તેઓનુ કોઈ નિવેદન લીધેલ નહિ. તેઓએ સ્થળ મુલાકાત દરમિયાન કોઈના નિવેદન લીધેલ હોય તે અંગેના પુરાવા આ કામે રજુ કરેલ નથી. કહેવાતા બનાવની તારીખ થી અઢી મહિના સુધીમા કોઈ સ્થળ મુલાકાત અહેવાલ તૈયાર કરેલ નહિ. આમ સદર સ્થળ મુલાકાત અહેવાલમાં બચાવપક્ષે વાંધો લીધેલ તે વાંધાને ગ્રાહય રાખી આંક આપવામાં આવેલ નથી. આથી સદર સાહેદનો પુરાવો સ્થળ પરીક્ષણ અહેવાલ

માન્ય રાખી શકાય નહી. ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૪૬** થી તપાસેલ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓએ ફરીયાદ લઈ ગુનો દાખલ કર્યા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી. કે સ્ટેશન ડાયરીમાં કોઈ પંચનામા બાબતે નોંધ કરવાનો પણ પ્રસંગ બનેલ નથી. ત્યારબાદ **આંક–૫૨** થી તપાસેલ સાહેદને પો.સ્ટે. અમલદારે દહેજ પો.સ્ટે. ટેલીફોન વર્ધી નંબર ૮૩/૨૦૨૧ ની તપાસમા આપતા તેઓ તે આધારે ભરૂચ સિવિલ હોસ્પિટલમા આવીને તપાસ કરતા દહેજ બાયોસ્કોપ કેર કંપનીમા અકસ્માતમા મરણ જનાર હરજાનાબેન મનિષભાઈ ઉર્ફે માસકુવર પારગીના લાશનુ ઈન્કવેસ્ટ ફોર્મ ભરી મરણોત્તર ફોર્મ ભરી એજયુકેટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂમા પી.એમ. કરાવેલ તેમજ ઈજા પામનાર આહિરભાઈ તથા બદીબેન અજયભાઈ મેડાનુ એજયુકેટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ ડી.ડી. લેવડાવેલ ત્યા હાજર સંકેતભાઈ ફળદુ ભાઈની જાહેરાત લઈ દહેજ પો.સ્ટે. અમલદાર રૂબરૂનું અકસ્માત મોત નંબર–૧૪/૨૦૨૧ સી.આર.પી.સી. ૧૭૪ દાખલ કરાવેલ તે મતલબનો પુરાવો આપે છે જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, ટેલીફોન વર્ધી નોંધ નંબર–૮૩/૨૦૨૧ આ કામે રજુ કરેલ નથી. તેઓની રૂબરૂ બનાવની કોઈ જાહેરાત કરવામા આવેલી નથી. ઈન્કવેસ્ટ પંચનામાની વિગત પોલીસની માહિતી મુજબ ભરવામા આવેલી. તેઓની રૂબરૂમા ડી.ડી. નોંધવાનો પ્રસંગ બનેલો નહિ. અકસ્માત મોત નંબર–૧૪/૨૦૨૧ તેઓ રૂબરૂ નોંધવામા આવેલ હોય તેમ બનેલ નહિ. તેઓને બાયો ક્રોપ કેર કંપનીમા જવાનો કોઈ પ્રસંગ બનેલ નથી. આમ સદર સાહેદે આપેલ પુરાવા મુજબની કામગીરી તેઓના પ્રત્યક્ષપણામાં થયેલ નહી હોવાનુ ફલીત થાય છે. આથી સદર સાહેદનો પુરાવામા થયેલ કામગીરી ચોકકસ, પારદર્શી થઈ હોવાનુ સંપૂર્ણ માન્ય રાખી શકાય તેમ નથી. વધુમાં **આંક–૫૩** થી તપાસેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓએ સદર ગુનાની તપાસ સંભાળી ફરજના ભાગરૂપે કરેલ કામગીરીનો પુરાવો આપે છે. તેઓ તા. ૨૭/૦૬/૨૦૨૧ ના રોજ બનાવાસ્થળે ગયેલા જયાં સદર જગ્યા ઉપર એક સ્ટ્રેકર મશીન આડુ પડેલ હતુ અને મશીનની બાજુમા એક લોખંડનુ પ્લેટફોર્મ આવેલ હતુ અને આડા પડેલ સ્ટ્રેકર મશીનથી બદીબેન અને અજયભાઈ નાઓને ઈજાઓ થયેલ હતી અને હરઝાનાબેનનાઓનુ મોત થયેલ

હતુ તેવુ હાજર સાહેદ સંકેતભાઇ ફળદુનાઓએ તેઓએ તથા પંચો રૂબરૂ જણાવેલુ આ સમગ્ર બાબતનુ પંચનામુ મે તા. ૨૭/૦૬/૨૦૨૧ ના કલાક ૧૧–૩૦ થી ૧૨–૦૦ સુધીનુ પંચો રૂબરૂનુ કરી લીધેલ. જે પંચનામુ આંક–૧૦ થી રજુ છે. તેમજ બાયો ક્રોપકેર કંપનીના સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરી તેની સી.ડી. બનાવી તપાસના કાગળોમા સામેલ રાખેલ તથા એફ.એસ.એલ. અધિકારી શ્રી પાસેથી સ્થળ પરીક્ષણ અહેવાલ મેળવવામા આવેલ. જે એફ.એસ.એલ. રીપોર્ટ **આંક–૫૪** થી રજુ છે. ત્યારબાદ ઈજાપામનાર ના સારવાર સર્ટીફીકેટ તથા મરણજનાર હરજાનાબેનનુ આંક–૫૫ થી રજુ પી.એમ.નોટ મેળવેલ. બાદ આ કામે સાહેદોના નિવેદનો લેતા જાણવા મળેલ કે હરજાનાબેન, બદીબેન અને રાજ આહિર નાઓની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હોવાનુ જણાઈ આવેલ તથા બાયો ક્રોપ કેર કંપની તરફથી માહિતી મળતા સદર કંપનીના માલિકો કમલેશભાઈ ચતુરભાઇ પટેલ, ચંદ્રકાન્તભાઇ બાબુભાઈ પટેલ, સચિનકુમાર નવીનચંદ્ર પટેલ, અને અંકિત કુમાર રાજેશભાઈ પટેલ નાઓ હોવાનુ જણાઈ આવે છે અને મુત્યુ પામેલ હરજાનાબેન તથા ઈજા પામનાર રાજ ભાઈનાઓ જગતસિહ મદનસિહ કારકીના સાઇ એન્ટરપ્રાઈઝ કોન્ટ્રાકટ હેઠળ કામ કરતા હોવાનુ તથા ઈજા પામનાર બદી બેનનાઓ મયુરસિહ રાયસિહ રાજનાઓના મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ કોન્ટ્રાકટમા કામ કરતા હોવાનુ જાણવા મળેલ અને મદદનીશ શ્રમ આયુકત પાસેથી માહિતી મળેલ જે અનુસાર ૧૪ થી ૧૮ વર્ષના બાળકોને જોખમી પેસ્ટીસાઇડ ઉત્પાદિત કરતા કારખાનામા કામે રાખવા પર પ્રતિબંધિત હોવાનું જણાતા સદર અકસ્માત મોત બાબતે જિલ્લા સરકારી વકિલ શ્રી ભરૂચનાઓનુ જરૂરી માર્ગદર્શન મેળવવામા આવેલુ. આમ સમગ્ર તપાસ ને જોતા સદર બનાવના કામે બાયો ક્રોપ કેર કંપનીના માલિકો ફેકટરી ધારાનુ લારાસન્સ મેળવ્યા પહેલા પોતાની પેસ્ટીસાઇડ ઉત્પાદન કરવાની ફેકટરી ચાલુ કરેલ અને કોન્ટ્રાકટરો સાથે મળી ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો હરઝાનાબેન, બદીબેન અને રાજનાઓને જોખમી ઉત્પાદન કરતી ફેકટરીમા કામ કરવા સારૂ રાખેલ હોય આ છ ઈસમો વિરૂધ્ધ તેઓએ હાલની ફરીયાદ આપેલી જે ફરીયાદને **આંક–૫૬** થી રજુ કરવામાં આવેલ છે. જયારે બચાવપક્ષ કરવામાં આવેલ ઉલટતપાસમાં

તેઓ કબુલ કરે છે કે, બનાવ સ્થળેથી તેઓએ કોઇ પણ ચીજ વસ્તુ જેવી કે કોથળા, સ્ટ્રેકર મશીન, ચંપલ, પાઉડર કે, મટીરીયલ કબજે કરેલ નથી. બનાવ સ્થળેથી કોઇ લોહીના નમૂળા લઇ તેનુ એફ.એસ.એલ. પરીક્ષણ કરાવેલ નથી. તપાસના કામે મોનોઝેડ ૮૦ ટકા કબજે કરેલ નથી. પ્રોડકશનમા ઉપયોગમા લેવાતા કોઇ પણ કેમીકલ કે પાઉડર કે મટીરીયલ કબજે લીધેલ નથી. બનાવ સ્થળે સી.સી.ટી.વી. કાર્યરત હતા તેવુ કોઇ સાહેદના નિવેદનમા કે પંચનામામા તપાસ દરમિયાન ખુલેલ નથી. અકસ્માત મોતની તપાસ દરમિયાન તેઓને ભરૂચ જિલ્લાની બહાર તપાસ કરવા જવાનુ બનેલ નહિ. આ કામે અમોએ મરણ જનાર હરજાનાબેન તથા ઈજા પામનાર બદીબેન અને રાજઆહિર નાઓના જન્મના પુરાવા જન્મ નોંધણી કચેરીમા જઇ રજીસ્ટરની તપાસણી કરી મેળવેલ હોય તેમ બનેલ નથી કે તેમના ઉમર બાબતે કોઇ તબીબી પરીક્ષણ કરાવેલ હોય તેમ પણ બનેલ નહિ. સંકેતભાઇ મનસુખભાઇ ફળદુએ તેઓ સમક્ષ કોઇ જાહેરાત કરેલ નહિ. હાલની ફરીયાદ તેઓએ આશરે ૧૦ માસના વિલંબ બાદ નોંધાવેલ. બનાવ સ્થળેથી તેઓએ કોઇ ડી.વી.આર. કબજે કરેલ નથી. મરણ જનાર તથા ઈજા પામનાર આ કંપનીમા તેમજ કોન્ટ્રાકટમા કામ કરતા હોય તે મતલબનુ દસ્તાવેજી પુરાવા મેળવેલ હોય તે બાબતનુ કોઇ પંચનામુ આ કામે રજુ કરેલ નથી. બાયો ક્રોપ કેર કંપનીમા હુ ગયેલ હોય અને કંપનીમાથી મે કોઇ બુકસ ઓફ એકાઉન્ટ કે રજસ્ટર કબજે કરેલ હોય તે અંગેની સ્ટેશન ડાયરીમા કોઇ નોંધ કરેલ નથી કે પી.એસ.ઓ. ને સુપ્રરત કરેલ નથી. ત્યારબાદ આંક–૬૪ થી તપાસેલ સાહેદનો પુરાવો જોતા તેઓએ આ ગુનાની આગળની તપાસ સંભાળી લઇ આરોપીઓને અટક કરેલાનો અને ચાર્જશીટ કરેલાનો પુરાવો આપે છે જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, કહેવાતા બનાવ બન્યા બાદ ૩૧૬ દિવસ બાદ ફરિયાદ દાખલ થયેલી. તા.૦૮/૫/૨૦૨૨ ના રોજ ફરિયાદ દાખલ થયા બાદ આરોપીઓ વિરૂધ્ધ કોઇ સાહેદનું નિવેદન લેવામાં આવેલ નથી, કોઇ પુરાવો એકત્રિત કરવામાં આવેલ નથી. ત્યારબાદ આંક–૬૫ થી તપાસેલ સાહેદનો પુરાવો જોતા તેઓએ આ કામે મરણજનારના

સગાસબંધીઓના જવાબ અને નિવેદન લીધેલ તે સીવાય અન્ય કોઇ કામગીરી તેઓએ કરેલ નથી.

આમ, સમગ્ર પુરાવો એકીસાથે વંચાણે લેતા કામે તપાસેલ તમામ સાહેદો અને પંચોના પુરાવો ધ્યાને લેતા દહેજ બાયોક્રોપ કંપનીમાં પ્રોડકશન પ્લાન્ટની અંદર સ્ટ્રેકર મશીનનુ બેલેન્સ હલી જતા આડુ પડી જવાથી રો–મટીરીયલનુ પેકીંગનુ કામ કરતા મરણ જનાર હરજાનાબેન ઉ.વ. ૧૬ ને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર દરમિયાન મરણ ગયેલ જે અંગે ઇન્વેસ્ટ પંચનામુ રજુ કરવામાં આવેલ છે જેનાથી તથા અન્ય સાહેદોના પુરાવાથી હરજાનાબેનનુ સદર અકસ્માત થયેથી સારવાર દરમ્યાન મરણ થયેલાની હકિકત પુરવાર થાય છે. પરંતુ સદર અકસ્માત કેવી રીતે થયેલ, કોની કસુરથી થયેલ, બનાવ કેવી રીતે બન્યો હતો ? તેવો કોઇ જ નકકર પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી કે હાલના કામે અન્ય ઇજાપામનાર સાહેદો બદીબેન અને રાજ આહીરસિંહનુ કોઇ નિવેદન લેવામાં આવેલ નથી. વળી ઇન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરતા ન હોય સદર પંચનામુ ધોરણસર પુરવાર થઇ શકેલ નથી. ત.ક.અ. ના પુરાવાથી એ.એસ.આઇ. ધરમેન્દ્રસિહ નાગજીબાવાનાઓએ ભરૂચ ખાતે જઇ હરજાનાબેનનુ સીવિલ હોસ્પિટલ ભરૂચ ખાતે પી.એમ. કરાવેલ અને અન્ય, ઇજા પામનાર બદીબેન અને રાજભાઇનાઓનુ એકજીકેટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ મરણોમુખ નિવેદન લેવડાવેલ પરંતુ ધર્મેન્દ્રસિંહનો પુરાવો ધ્યાને લેતા તેઓ રૂબરૂ કોઇ ડી.ડી. નોંધવાનો પ્રસંગ બનેલો નથી. કે અકસ્માત મોત નં. ૧૪/૨૦૨૧ પણ તેઓ રૂબરૂ નોંધવામાં આવેલ નથી. વધુમાં ત.ક.અ.એ સદર ગુનાવાળી જગ્યાએ જઇ ગુનાવાળી જગ્યાનુ આંક–૧૦ થી રજુ પંચનામુ કરેલ પરંતુ સદર પંચનામાના પંચસાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને પંચનામાની વિગતે જણાવ્યાનુસાર બનાવવાળી જગ્યાથી કોઇ પણ ચીજ વસ્તુ જેવી કે કોથળા, સ્ટ્રેકર મશીન, ચંપલ, પાઉડર કે, મટીરીયલ તેઓએ તપાસના કામે કબજે કરેલ નથી કે બનાવ સ્થળેથી કોઇ લોહીના નમૂળા લઇ તેનુ એફ.એસ.એલ. પરીક્ષણ કરાવેલ નથી. તેઓએ હાલના કામે આંક–૫૪ થી રજુ સ્થળમુલાકાત અહેવાલ રજુ કરે છે અને

બાયો ક્રોપકેર કંપનીના સી.સી.ટી.વી. કુટેજ કબજે કરવામા આવેલ જેની સી.ડી. બનાવી તપાસના કાગળોમા સામેલ રાખેલ પરંતુ બનાવ સ્થળે સી.સી.ટી.વી. હોવાનો કોઈ સાહેદના નિવેદનમાં કે પંચનામામાં ઉલ્લેખ નથી. ફરીયાદમાં જણાવ્યાનુસાર મરણજનાર તથા ઈજાપામનાર સાહેદો ૧૮ વર્ષથી ઓછી વયના હોવાનુ જણાવેલ છે જયારે ત.ક.અ. એ મરણ જનાર હરજાનાબેન તથા ઈજા પામનાર બદીબેન અને રાજઆહિર નાઓના જન્મના પુરાવા જન્મ નોંધણી કચેરીમા જઈ રજીસ્ટરની તપાસણી કરી મેળવેલ હોય તેમ બનેલ નથી કે તેમના ઉમર બાબતે કોઈ તબીબી પરીક્ષણ કરાવેલ હોય તેમ પણ બનેલ નહિ. તેમજ મરણજનારના કૌટુંબીકજનોના પુરાવાથી પર મરણજનારની ઉમર અંગે વિસંગતતા જોવા મળતી હોય મરણજનાર હરજાનાબેનની ચોકકસ ઉમર એ પુરાવાનો વિષય છે તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ કરવામાં આવેલ નથી. જેથી મરણજનાર અને ઈજાપામનાર સાહેદોની ઉમર ચોકકસ શું હતી તે અનુમાન લગાવી શકાય તેમ નથી. વધુમાં બાયો ક્રોપ કેર કંપનીના માલિકો સચિન કુમાર, ચંદ્રકાન્તભાઈ, કમલેશભાઈ, અંકિભાઈ નાઓએ ફેકટરી ધારાનુ લારાસન્સ મેળવ્યા પહેલા પોતાની પેસ્ટીસાઈડ ઉત્પાદન કરવાની ફેકટરી ચાલુ કરેલ અને કોન્ટ્રાકટર જગતસિહ મદનસિહ કારકી તથા મયુરસિહ રાયસિહ રાજ નાઓ સાથે મળી ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો હરઝાનાબેન, બદીબેન અને રાજનાઓને જોખમી ઉત્પાદન કરતી ફેકટરીમા કામ કરવા સારૂ રાખેલ હોવાનુ તહોમત છે ત્યારે મરણજનાર અને ઈજાપામનાર સાહેદોને કોન્ટ્રાકટ પર કામ કરવા રાખેલ હોય તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ કરવામાં આવેલ નથી. વળી આ કામે ફરીયાદી અને ત.ક.અ. કે જેઓ એક જ વ્યકિત છે તેઓએ હાલની ફરીયાદ કહેવાતા બનાવ બન્યાના ૩૧૬ દિવસ બાદ એટલે કે અંદાજે સાડા દસ મહિના બાદ દાખલ કરેલ. ફરીયાદ દાખલ થયા અંગેના વિલંબનુ કોઈ ચોકકસ કારણ ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. ફરીયાદ દાખલ થયા બાદ આરોપી વિરુધ્ધ કોઈ સાહેદનુ નિવેદન લેવાં આવેલ નથી. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ સામેનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

**(૧૧)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ હાલના આરોપીઓ સામે આક્ષેપાયેલા ગુનાના આવશ્યક તત્વો મુજબનો પુરાવો રજુ કરી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાના કેસની હકિકતો શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ ''નકારમા'' ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી **૧. સચીનકુમાર નવીનચંદ્ર પટેલ,** રહે. જી/૫૦૪, આરોહી ઈલીઝીયમ, સાઉથ બોપલ, અમદાવાદ. **૨. ચંદ્રકાન્ત બાબુભાઈ પટેલ,** રહે. ૬, રાતરાણી બંગ્લોજ, સેટેલાઈટ, અમદાવાદ. **૩. કમલેશભાઈ ચતુરભાઈ પટેલ,** રહે. મકાન નં. ૩૦૦૨/૭, મધુરમ બંગલોઝ, જલધારા રોડ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર, જિ. ભરૂચ. **૪. અંકિત રાજેશ પટેલ,** રહે. ૭૮, ગ્લોરી સુપરસીટી, હરેક્રિષ્ના મંદિર નજીક, સાંતેજ, ગાંધીનગર. **૫. જગતસિંહ મદનસિંહ કાર્કી,** હાલ રહે. રૂષીરૂપ કોમ્પલેક્ષ, વાડીયા, દહેજ, તા. વાગરા, જિ. ભરૂચ. મુળ રહે. લોહાથલ ગામ, થાના બેરીનાગ, જિ. પિથૌડાગઢ (ઉતરાખંડ) **૬. મયુરસિંહ રાયસિંહ રાજ,** રહે. કેસરોલ, વાટા ફળીયુ, તા. જિ. ભરૂચ.નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ધ ઈ.પી.કો. કલમ-૩૦૪(અ), ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૧૧૪ તથા The Child and Adolescent labour (probition and regulation) Act 1986 ની કલમ-૧૪(૧-એ) તથા કારખાના ધારા ૧૯૪૮ ની કલમ-૯૨ મુજબના સજાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચરકો અપીલ સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો પ્રત્યેક આરોપીએ અપીલના સમય માટે રૂા. ૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજારના નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તારીખ : ૧૩ મી, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૩/૦૮/૨૦૨૬
સ્થળ : વાગરા

**( ડી.જે.ગોસ્વામી )**
એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ, વાગરા,
કોડ નં. જી જે. ૦૦૮૩૫